સુવિચાર

સુખ તો સવાર જેવું હોય છે સાહેબ,
માંગવાથી નહીં જાગવાથી મળે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



પીઠડીયા પાસેથી કન્ટેનરમાં રૂ.૫૭.૧૯ લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડાયો P-4

Year-16, Issue-253 ■ DATE : 09-02-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતને ૨૫% પેનલ્ટી પરત કરશે અમેરિકા

## બંને દેશો વચ્ચે ઐતિહાસિક ટ્રેડ ડીલ બાદ વ્હાઇટ હાઉસનો નિર્ણયઃ ભારતને ૪૦ હજાર કરોડનો થશે ફાયદો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતને અમેરિકા સાથેના વેપાર કરારમાં મોટી રાહત મળી છે. યુએસ વહીવટીતંત્રે માત્ર ટેરિફ દર ૫૦% થી ઘટાડીને ૧૮% કર્યો નથી, પરંતુ રશિયાથી તેલ આયાત પર દંડ તરીકે લાદવામાં આવેલા ૨૫% ટેરિફને પણ ઉલટાવી દેવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયથી ભારતીય વ્યવસાયોને રૂ.૪૦,૦૦૦ કરોડની રાહત મળવાની અપેક્ષા છે. વ્હાઇટ હાઉસ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર, ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ અને ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ વચ્ચે યુએસ દ્વારા કરવામાં આવેલી આયાત માટે રિફંડ જારી કરવામાં આવશે.

આ રિફંડ યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન એક્ટ હેઠળ જારી કરવામાં આવશે. ભારતીય નિકાસકારોને રિફંડની ચોક્કસ રકમ હજુ સુધી ચોક્કસ નથી. રિફંડની રકમ યુએસ આયાતકારને આપવામાં આવશે, જે પછી ભારતીય નિકાસકાર સાથે રકમનું વિતરણ કરવા માટે વાટાઘાટો કરશે.

રૂ.૪૦,૦૦૦ કરોડની રાહતની અપેક્ષા છે. પ્રશ્ન અમેરિકા પાસેથી કેટલું રિફંડ મળી શકે છે?

જવાબઃ અમેરિકાના ટ્રેઝરી અનુસાર, અમેરિકાએ ૨૦૨૪માં આયાતી માલ પર ૭૯ બિલિયનનો ટેરિફ લાદ્યો હતો. ૨૦૨૫માં આ આંકડો વધીને ૧૯૪ બિલિયન થયો. અમેરિકાની આયાતમાં ભારતનો હિસ્સો ૩.૫% છે.

ભારતમાંથી થતી ૬૦% યુએસ નિકાસ ટેરિફને આધીન છે. પરિણામે, અમેરિકાએ ભારતથી થતી આયાત પર ૫૦% ટેરિફ લાદીને આશરે ૪ બિલિયન (રૂ.૪૦,૦૦૦ કરોડ) વધારાની આવક એકત્રિત કરી છે. આ રકમ રિફંડ હશે, જેમાં ભારતીય વ્યવસાયોને પણ હિસ્સો મળશે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેપાર સોદા પરના વચગાળાના કરારના માળખા મુજબ રશિયાથી ભારત દ્વારા તેલ આયાત ફરી શરૂ કરવા પર દેખરેખ રાખવા માટે ત્રણ-મંત્રીઓની ટાસ્ક ફોર્સની રચના કરી છે.

આમાં વાણિજ્ય પ્રધાન, વિદેશ પ્રધાન અને નાણાં પ્રધાનનો સમાવેશ થાય છે. જો આ સમિતિ માને છે કે ભારતે રશિયાથી તેલ આયાત ફરી શરૂ કરી છે, તો તે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ૨૫% દંડ લાદવા અને અન્ય પગલાં લેવાની ભલામણ કરી શકે છે.

વેપાર કરાર અંગે, ભારત સરકારે જણાવ્યું છે કે આ કરાર ભારતીય અર્થતંત્રને નવી ગતિ અને નવી ઊંચાઈઓ પ્રદાન કરશે. ભારતીય ખેડૂતોને નુકસાન પહોંચાડતી કોઈપણ પ્રોડક્ટનો વેપાર કરારમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે કઈ વસ્તુઓને અમેરિકાને ટેરિફ મુક્તિ આપવામાં આવી નથી અને કઈ વસ્તુઓને ભારતમાં પ્રવેશવાથી પ્રતિબંધિત કરવામાં આવી છે. છાલ વગરના અનાજ અને લોટ, બટાકા, ડુંગળી, વટાણા, કઠોળ, કાકડી, મશરૂમ્સ, નારંગી, દ્રાક્ષ, લીંબુ અને મિશ્ર તૈયાર શાકભાજી ભારતમાં પ્રવેશ કરશે નહીં.

અમેરિકા સાથેના વેપાર કરાર અંગે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે રવિવારે કહ્યું કે તે વ્યવહારનો વિષય છે. જો હું કંઈ નહીં આપું, તો હું મારા ખેડૂતો માટે યુએસ બજાર કેવી રીતે ખોલીશ? યુએસ બજાર ખુલવાથી આપણા ખેડૂતોની આવક વધશે. જો કોઈ કહે કે બે પાનાના સંયુક્ત નિવેદનમાં સુરક્ષાનો અભાવ છે, તો તેઓ ગેરમાર્ગે દોરનારા છે. ઘણા મુદ્દાઓ પર સ્પષ્ટતા રહે છે.

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે એનડીટીવી સાથેની મુલાકાતમાં ભારત-અમેરિકા વેપાર કરારની પુષ્ટિ કરી. તેમણે કહ્યું, આગામી થોડા દિવસોમાં કેટલાક ટેકનિકલ કાગળો પર હસ્તાક્ષર કરવામાં આવશે, પરંતુ આ કરાર લગભગ અંતિમ છે.

ગોરે કહ્યું, આ ટેરિફ કરાર વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે ઘણા વર્ષોથી રહેલી મજબૂત મિત્રતાનું પરિણામ છે. આ ટેરિફ અન્ય દેશો કરતા ઘણો ઓછો છે. પહેલાં, ભારત ખૂબ ઊંચા ટેરિફને આધીન હતું, પરંતુ હવે ભારત ઓછા ટેરિફ ધરાવતા દેશોમાં સામેલ છે.

રાજદૂત ગોરના મતે, ટ્રમ્પ અને મોદી વચ્ચેની મિત્રતા આ સોદાને પૂર્ણ કરવામાં સૌથી મોટું પરિબળ હતું. ગોરે કહ્યું કે અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધોમાં અપાર સંભાવનાઓ છે. આ વેપાર કરાર બંને દેશો વચ્ચેના સંબંધોના આગામી તબક્કાની શરૂઆત કરશે.

દરમિયાન, વ્હાઇટ હાઉસના એક અધિકારીએ ન્યૂ યોર્ક ટાઇમ્સને એમ પણ કહ્યું છે કે અમેરિકા ભારતમાંથી આવતા માલ પર લાદવામાં આવેલા વધારાના ટેરિફને દૂર કરશે, જે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ સજા તરીકે લાદવામાં આવ્યો હતો.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૯/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૮/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૬,૬૪૦ | ₹૨,૮૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૫૭ | ₹૧૨૩.૧૭ |

## લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે વિપક્ષ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિપક્ષ લોકસભા સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યાનુસાર,વિપક્ષ નેતાઓએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી છે. જો વિપક્ષને સંસદમાં બોલવાની મંજૂરી નહીં મળે તો તે અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે.

સૂત્રોના જણાવ્યાનુસાર,વિપક્ષનો દાવો છે કે રાહુલ ગાંધી સાંસદોના સસ્પેન્શન અને મહિલા સાંસદો પરના આરોપો પર લોકસભામાં બોલવા માંગતા હતા. તે બોલવાની મંજૂરી માંગી રહ્યા હતા. સોમવારે સવારે (નવમી ફેબ્રુઆરી) લોકસભામાં વિપક્ષના હોબાળા બાદ સંસદની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

વિપક્ષી સાંસદોએ પણ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા સામે કાર્યવાહીની માંગ કરી છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કાર્યવાહીની માંગ કરતા કહ્યું કે, 'મુખ્યમંત્રી તરીકે હિમંતા બિસ્વા શર્મા આવા વીડિયો બનાવે છે, જેને આસામ ભાજપ પોસ્ટ કરે છે અને તેને ડિલીટ કરાવી દે છે. વડાપ્રધાન, ગૃહમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ.'

## સોના-ચાંદીમાં તેજીઃ ચાંદી ૨,૬૫,૦૦૦ની નજીક પહોંચી, સોનામાં ૩૦૦૦નો ઉછાળો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય કોમોડિટી માર્કેટમાં આજે સોના અને ચાંદીના ભાવમાં ઐતિહાસિક તેજી જોવા મળી છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે સોમવારે બજાર ખુલતાની સાથે જ કિંમતી ધાતુઓના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો. ખાસ કરીને ચાંદીના ભાવમાં તોતિંગ વધારો નોંધાયો છે, જેના કારણે રોકાણકારોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

આજના કારોબારની વિગતો જોઈએ તો, સોનું અગાઉના ૧,૫૫,૪૫૧.૦૦ ના બંધ ભાવની સામે આજે ૧,૫૬,૦૦૦.૦૦ પર ખૂલ્યું હતું અને ટૂંક જ સમયમાં તે ૧,૫૮,૫૦૦.૦૦ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. સમાચાર લખવા સુધીમાં સોનામાં અંદાજે ૨,૪૨૯ (+૧.૫૬%) નો વધારો જોવા મળ્યો છે. જોકે આજના કુલ ઉછાળાની વાત કરીએ તો તે ૩૦૦૦થી વધુનો થાય છે.

બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ પ્રચંડ તેજી આવી છે. ચાંદી તેના જૂના બંધ ભાવ ૨,૪૯,૮૯૨.૦૦ ની સરખામણીએ આજે ૨,૫૯,૮૮૭.૦૦ પર ખૂલી હતી અને ઉછળીને ૨,૬૪,૮૮૫.૦૦ ની સપાટીને સ્પર્શી ગઈ હતી. ચાંદીમાં એક જ દિવસમાં ૧૪,૦૦૫ (+૫.૬૦%) નો મોટો ઉછાળો જોવા મળ્યો છે.

આ તેજી પાછળ મુખ્યત્વે વૈશ્વિક ભૌગોલિક તણાવ અને રોકાણકારોનો સોના પ્રત્યેનો વધતો વિશ્વાસ જવાબદાર છે. જાન્યુઆરી ૨૦૨૬માં ભારતીય ગોલ્ડ ETFમાં રોકાણમાં ૯૮% નો જંગી વધારો થયો છે, જે દર્શાવે છે કે રોકાણકારો હવે ડિજિટલ ગોલ્ડ તરફ વધુ વળી રહ્યા છે. આ ઉપરાંત, અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં સંભવિત ફેરફાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય અનિશ્ચિતતાને કારણે સોના અને ચાંદી જેવી સલામત રોકાણની મિલકતોમાં માંગ વધી રહી છે.

વૈશ્વિક બજારની અસર એશિયા પર પણ જોવા મળી રહી છે, જ્યાં જાન્યુઆરીમાં એશિયન ગોલ્ડ ETFમાં ૧૦ અબજ ડોલરનું રેકોર્ડબ્રેક રોકાણ આવ્યું હતું. વિશ્વભરમાં વધી રહેલી આ માંગ અને ભૌગોલિક અસ્થિરતાને કારણે આગામી સમયમાં પણ સોના-ચાંદીના ભાવમાં તેજીનો ટ્રેન્ડ જળવાઈ રહે તેવી શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. ગ્રાહકો માટે હવે ઘરેણાં ખરીદવા મોંઘા સાબિત થઈ શકે છે, જ્યારે રોકાણકારો માટે આ સમય નફાકારક જણાઈ રહ્યો છે.

## દિલ્હીમાં ૯ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



પાટનગર દિલ્હીમાં ફરી વખત જાણીતી સ્કૂલોને બોમ્બ ધડાકાની ધમકી આપવાનો સિલસિલો શરુ થઇ ગયો હોય તેમ આજે પ્રતિષ્ઠીત નવ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતી દોડધામ મચી ગઇ હતી. સવારે ૮.૩૦ થી ૯ દરમ્યાન બોમ્બ ધડાકાની ધમકી મળતા તાત્કાલીક સુરક્ષા એજન્સીઓ સંબધીત સ્કૂલોમાં પહોંચી ગઇ હતી અને તપાસ શરુ કરવામાં આવી હતી. સ્કૂલ સંકુલો ખાલી કરાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સુરક્ષીત સ્થાનોએ મોકલી દેવાતા સાથે રજા જાહેર કરી દેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં કોઇ શંકાસ્પદ ચીજવસ્તુ કે બોમ્બ મળ્યા ન હતા. પોલીસ માત્ર અફડાતફડી સર્જવા માટે આ પ્રકારની ધમકી અપાતી હોવાનું માની રહી છે. પોલીસ દ્વારા ધમકીભર્યા કોલ અને સોર્સની તપાસ શરુ કરવામાં આવી છે.

## 'હું નથુરામ' નાટકનો અમદાવાદમાં પણ ઉગ્ર વિરોધ, એનએસયુઆઇ કાર્યકરોએ દીવાલો પર સૂત્રો લખ્યાં




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ અને જામનગર બાદ હવે અમદાવાદમાં પણ 'હું નથુરામ' નાટકને લઈને વિવાદ વકર્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની નિર્વાણ તિથિના માસમાં જ આ નાટકનું આયોજન થતાં કોંગ્રેસ પક્ષની પાંખ NSUI અને યુથ કોંગ્રેસ મેદાને આવી છે. અમદાવાદના બોડકદેવ અને સિંધુભવન રોડ જેવા વિસ્તારોમાં આ નાટક સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

આજે ૯ ફેબ્રુઆરીના રોજ સિંધુભવન રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ-માં આ નાટક ભજવવાનું આયોજન છે. આ અગાઉ NSUI ના કાર્યકરોએ ઓડિટોરિયમની આસપાસની જાહેર દીવાલો પર 'ગોડસે મુર્દાબાદ' અને 'ગાંધીજી અમર રહો' જેવા સૂત્રો લખી પોતાનો રોષ ઠાલવ્યો હતો. કાર્યકરોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે ગાંધીની ભૂમિ પર ગોડસેના મહિમ-મંડન સમાન નાટક ચલાવી લેવામાં આવશે નહીં. વિરોધ દરમિયાન નથુરામ ગોડસેના ફોટા પર કાળી શાહી લગાવીને પ્રતીકાત્મક વિરોધ પણ નોંધાવવામાં આવ્યો હતો.

હાલમાં આ નાટકની ટિકિટો ઓનલાઇન પ્લેટફોર્મ પર વેચાઈ રહી છે, પરંતુ દ્વારા આ પ્રદર્શનને રોકવાની પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. અગાઉ સૌરાષ્ટ્રના શહેરોમાં થયેલા વિરોધ પ્રદર્શનની જેમ જ અમદાવાદમાં પણ આવતીકાલે નાટક દરમિયાન હંગામો થવાની પૂરી શક્યતા છે. યુથ કોંગ્રેસ અને NSUI ના આક્રમક વલણને જોતા કાર્યક્રમ સ્થળે પોલીસ બંદોબસ્ત વધારવામાં આવે તેવી પણ શક્યતા છે.

## સાંસદને પ્રજા પ્રશ્નો ઉકેલવામાં રસ નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની સંસદમાં પ્રશ્નકાળ એ મહત્વનો ગણવામાં આવે છે જેમાં સાંસદો તેમના મત વિસ્તાર સહિતના પ્રશ્ન ઉઠાવીને સરકાર પાસે જવાબ માંગતા હોય છે અને ખાસ કરીને જયાં સરકારી કામગીરીની જરૂર હોય ત્યાં આ પ્રકારના પ્રશ્નોથી ખાતરી પણ માંગતા હોય છે પરંતુ હાલમાં જ એક અભ્યાસમાં બહાર આવ્યું છે કે ૨૨ વર્ષમાં સાંસદોએ પુછેલા ૩૪૩૦૧ પ્રશ્નોમાં ૫૫૫૬ પ્રશ્નોમાં જે સરકારે ખાતરી આપી હતી તેનું પાલન થયું નથી.

સદનમાં મંત્રી પ્રશ્નના જવાબમાં આશ્વાસન અને ખાતરી આપે છે જેનો ત્રણ મહિનામાં અમલ કરવાનો હોય છે. પરંતુ રસપ્રદ બાબત એ છે કે આ પ્રકારના ૧૬૦૯ આશ્વાસનો અપાયા હતા જેનું કોઈ પાલન થયું નથી અને ૨૬૫૮ આશ્વાસન હતા કે જેમાં સરકારે પાલન થઈ શકે તેમ નથી તેમ કહીને પડતા મુકયા હતા તો ૧૨૮૯ આશ્વાસન આજ સુધી પેન્ડીંગ છે.



મોટાભાગે સરકાર ગૃહમંત્રાલયના પ્રશ્નોમાં રાષ્ટ્રીય સુરક્ષા કે રાજયનો વિષય ગણાવીને આશ્વાસન આપતી નથી. રેલવેમાં ફંડ નથી. લાઈન ખોટમાં જાય છે તેવું કારણ આપે છે.

જો કે આશ્વાસન નિભાવવામાં રેલ્વે સૌથી આગળ ૩૮૫૦ આશ્વાસન નિભાવ્યા છે. રસપ્રદ બાબત એ છે કે ૧૯૯૭માં ગુજરાલ સરકારે આપેલા આશ્વાસન હજી અમલની રાહ જુએ છે.

પુલવામાં હુમલાની તપાસ : સાંસદ મનીષ તિવારીએ વિસ્તૃત રિપોર્ટ માંગ્યો પણ ગૃહમંત્રાલયે સુરક્ષાના કારણોસર તે આપવા ઈન્કાર કર્યો

કાળા નાણા વિદેશોથી ઝડપાયેલા કાળા નાણાં અંગે સાચા આંકડા સરકાર પાસે નથી : કેટલુ ધન કાળા નાણાના સ્વરૂપમાં વિદેશમાં છે તે અનુમાન લગાવવાનું પણ સંભવ નથી

ભીડ-હિંસા : મોબ લીંચીંગમાં સરકારે ડેટા બેઝ બનાવવાની વાત કરી હતી પણ તેનો અમલ કર્યો નથી

અદાણી-સેબી તપાસ : તૃણમુલ સાંસદ મહુઆ મોઈત્રાએ આ પ્રકરણમાં તપાસની માહિતી માંગી સરકારે ગુપ્તતાના કારણોસર તે જવાબ ન આપ્યો

સ્માર્ટ ફેન્સીંગ : વારંવાર ઘુસપેઠીયા મુદ્દો ચર્ચાય છે તે સમયે બાંગ્લાદેશ સાથેની સીમામાં સ્માર્ટ ફેન્સીંગની જાહેરાત થઈ હતી પણ હવે સરકારે કહ્યું કે ભૌગોલિક કારણોસર તે શકય નથી

## ભારત-અમેરિકા વ્યાપાર સમજુતી મુદે ખેડુત સંગઠનો દ્વારા તા.૧૨ના હડતાલનું એલાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજુતીમાં જે રીતે અમેરિકી કૃષી આયાતો મુદ્દે ખેડુત સંગઠનોએ વિરોધ કર્યો છે તેમાં તા.૧૨ના રોજ દેશવ્યાપી હડતાલની જાહેરાત કરી છે.

તો વિપક્ષો આ મુદે આજે સંસદમાં પણ ધમાલ મચાવશે. જો કે આરએસએસ સમર્થીત સ્વદેશી જાગરણ પંચ તથા ભારતમાં કિસાન સંઘે હળવું વલણ અપનાવ્યું છે અને ખાસ કરીને જીનેટીકલી મોડીફાઈડ-અનાજ-ફુડમાંજ સરકારની ખાતરી



માંગી રહ્યું છે.

તથા સરકાર પર ભરોસા રાખવાની અપીલ કરી છે. ભારતીય કિસાન સંઘ પણ આ જ સુર વ્યક્ત કરે છે પણ અનેક ખેડૂત સંગઠનો જેમાં સંયુક્ત કિસાન મોરચા, તે ઓલ ઈન્ડીયા કિસાન સભા (ડાબેરી પક્ષો) એ આ વ્યાપાર સમજુતીનો વિરોધ કર્યો છે.

તથા તેમાં ભારત સરકાર પુરી રીતે શરણે થઈ ગઈ હોવાનો આક્ષેપ કરે છે. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકેતે તા.૧૨ના રોજ હડતાલના સંયુક્ત કિસાન મોરચાના એલાનને ટેકો આપ્યો છે તો કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પણ આ કરાર મુદ્દે આજે સંસદમાં સરકાર પાસેથી જવાબ માંગશે. જો કે ટ્રેડ યુનિયનોએ આ કરારનો હજું વિરોધ કર્યો નથી.

## એપ્સટિન ફાઈલ્સના ખુલાસાથી વિશ્વભરમાં ખળભળાટઃ ઉચ્ચ અધિકારીઓના રાજીનામા




**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

કુખ્યાત અમેરિકન જાતીય ગુનેગાર જેફરી એપ્સટિન સંબંધિત દસ્તાવેજો બહાર આવતા રહે છે, તેમ તેમ વિશ્વભરમાં હલચલ વધુ તીવ્ર બની છે.

આ ખુલાસાઓમાં નાણાકીય વ્યવહારો, સામાજિક સંપર્કો અને વ્યક્તિગત ક્રિયાપ્રતિક્રિયાઓ વિશેની માહિતી શામેલ છે. હજારો ઈમેઈલ્સ, ફોટા અને વિડિઓઝ એપ્સટિન અને તેની સાથે સંકળાયેલા લોકોના કાળા કાર્યોને ઉજાગર કરી રહ્યા છે.

આ જ કારણ છે કે વિશ્વભરના ઘણા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દબાણ હેઠળ રાજીનામા આપી રહ્યા છે. તાજેતરમાં, બ્રિટન અને નોર્વેમાં ઘણી અગ્રણી વ્યક્તિઓએ રાજીનામા આપ્યા છે. આ ખુલાસા બાદ, બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરના ચીફ ઓફ સ્ટાફ, મોર્ગન મેકસ્વીનીને રાજીનામું આપવાની ફરજ પડી હતી. મોર્ગન પર દબાણ વધ્યું કારણ કે તેમણે પીટર મેન્ડેલસનને યુનાઇટેડ સ્ટેટ્સમાં બ્રિટિશ રાજદૂત તરીકે નિયુક્ત કરવાની સલાહ આપી હતી. મોર્ગને હવે સ્વીકાર્યું છે કે તેમની સલાહ ખોટી હતી અને તેની જવાબદારી લેતા તેમણે રાજીનામું આપ્યું છે. આ શ્રેણીમાં, નોર્વેના ઘણા અગ્રણી નેતાઓએ પણ રાજીનામું આપ્યું છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વરિષ્ઠ રાજદ્વારી મોના જુલ પણ એપ્સટિન સાથેના તેમના સંબંધોને કારણે ટૂંક સમયમાં પદ છોડશે.

૬૬ વર્ષીય મોના અગાઉ નોર્વે સરકારમાં મંત્રી તરીકે સેવા આપી ચૂકી છે, તેમજ ઇઝરાયલ, બ્રિટન અને યુએસએમાં નોર્વેના રાજદૂત તરીકે સેવા આપી ચૂકી છે.

એપ્સટિન ફાઈલ્સનો યુનાઈટેડ સ્ટેટ્સમાં કેટલો પ્રભાવ પડ્યો?

ફેબ્રુઆરી ૨૦૨૬ માં, બ્રેડ કાર્પે એક મોટી કાયદાકીય પેઢીના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું કારણ કે એપ્સટિન સાથેના તેમના ઈમેઈલ સંપર્કો ખુલ્લા પડ્યા હતા.

અગાઉ, નવેમ્બર ૨૦૨૫ માં, લેરી સમર્સે બોર્ડ પદ પરથી રાજીનામું આપ્યું હતું અને સ્વીકાર્યું હતું કે એપ્સ્ટિન સાથેનો તેમનો સંબંધ ભૂલ હતો. ડિસેમ્બર ૨૦૨૫ માં, એફબીઆઇના ડેપ્યુટી ડિરેક્ટર ડેન બોન્ઝિનોએ પણ વિવાદ વચ્ચે રાજીનામું આપ્યું હતું. જોકે તેમના કેસમાં કોઈ સીધો સંબંધ સાબિત થયો ન હતો, ફાઈલોની આસપાસના વિવાદે તેમના પર દબાણ વધાર્યું હતું. એપ્સ્ટિન ફાઈલ્સની અસર યુરોપમાં સ્પષ્ટપણે દેખાઈ રહી હતી. ભૂતપૂર્વ ફ્રેન્ચ મંત્રી જેક લેંગે એક સાંસ્કૃતિક સંસ્થાના વડા તરીકે રાજીનામું આપ્યું. સ્લોવાકિયામાં, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મીરોસ્લાવ લાજકાકે ઈમેઈલ વિવાદ બાદ રાજીનામું આપ્યું.

સ્વીડનમાં, એપ્સ્ટિનના ખાનગી ટાપુ સંબંધિત આરોપો સામે આવ્યા બાદ એક અધિકારીએ રાજીનામું આપ્યું. નોંધપાત્ર રીતે, આ રાજીનામા દોષિત ઠેરવવાને કારણે નહોતા, પરંતુ ફક્ત જોડાણોના ખુલાસાથી પેદા થયેલા વિવાદ અને જાહેર દબાણને કારણે હતા. ઘણા લોકોએ તેમની સંસ્થાઓની પ્રતિષ્ઠાને બચાવવા માટે પદ છોડવાનું યોગ્ય માન્યું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં સિદ્ધાર્થ નગરની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો એક આરોપીની ધરપકડ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સિધાર્થ નગર વિસ્તાર માં બે દિવસ પહેલા ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો. જે ગુનાનો ભેદ ઉકેલવા માં એલસીબી પોલીસ ને સફળતા મળી છે, અને એક આરોપીને ચોરાઉ ઘરેણા સાથે ઝડપી લીધો છે.એલસીબી ના પો.ઈન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. સી.એમ. કાંટેલીયા તથા પો.સ.ઇ. એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો પેટ્રોલિંગ હતા. દરમિયાન સ્ટાફને બાતમીદારોથી હકીકત મળેલી કે, ગત તા.૦૫/૦૨/૨૦૨૬ના જામનગર શહેરમાં વુલનમીલ સિધ્ધાર્થનગર માં રહેતા પવિણભાઇ નારણભાઇ બગડા ના બંધ મકાનના દરવાજાના તાળા તોડી મકાન અંદર રાખેલ કબાટમાથી સોના ચાંદીના દાગીના ની ચોરી થયેલ. આ ગુના નો આરોપી શની જેસીંગભાઇ કોળી ( રહે.દિજામ સર્કલ પાસે બાવરીવાસ જામનગર) હાલ જામનગર શહેર માં બાવરીવાસ ખુલ્લી ફાટક પાસે મુદામાલ સાથે ઉભેલ છે. તેવી હકિકતના આધારે દરોડો પાડી તેને ઝડપી લેવાયો છે. પોલીસે આરોપી પાસેથી સોનાના દાગીના રૂ.૯૨,૦૦૦, ચાંદીના દાગીના રૂપિયા ૮,૫૦૦ મળી.કુલ રૂ.૧,૦૦,૫૦૦નો મુદામાલ કબજે કર્યો છે. અને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

# મોરબી ઓફિસમાં ચાલતી દારૂ પાર્ટી ઉપર પોલીસની રેઈડ, પીધેલા ત્રણ દારૂની અડધી બોટલ સાથે પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં વણસી ગયેલ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વચ્ચે સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે શહેરના શનાળા રોડ ઉપર સત્યમ પાનવાળી શેરીમાં લુહાર સમાજની વાડીની સામે આવેલ ઓફિસમાં રેઇડ કરી ઓફીસ માલીક સહિત ત્રણ શખ્સોને નશો કરેલી હાલતમાં ઝડપી લેવાયા હતા. તેમજ પોલીસ દ્વારા ઓફિસમાંથી વિદેશી દારૂની અડધી બોટલ પણ ઝડપી લેવામાં આવી છે. મોરબીમાં ખાનગી ઓફિસોમાં, કારમાં તેમજ સ્પામાં ચાલતી દારૂ પાર્ટીઓ ઉપર રોક લગાવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલી મોરબી પોલીસ દ્વારા પૂર્વ બાતમીને આધારે શનાળા રોડ સરદાર બાગ સામે સત્યમ પાન વાળી શેરીમાં લુહાર સમાજ વાડીની સામે આવેલ આરોપી મિલન કણજારીયાની ઓફિસમાં રેઇડ કરી હતી. ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ઓફીસ માલીક મિલનભાઈ ભરતભાઇ ગણેશભાઈ કણજારીયા ઉવ.૨૫ રહે.ભક્તિનગર-૩ ની બાજુમાં સત્યમ પાન વાળી શેરીમાં મોરબી તથા ઉન્નતસિંહ હરિસિંહ ચાવડા ઉવ.૪૦ રહે. વિશ્વકર્મા પાર્ક સત્યમ પાન વાળી શેરી તેમજ જાતિનસિંહ રાજેન્દ્રસિંહ પરમાર ઉવ.૩૪ રહે.ભક્તિનગર-૧/૨ વચ્ચે સત્યમ પાન વાળી શેરી મોરબી વાળાને પીધેલી હાલતમાં પકડી લેવામાં આવ્યા હતા. જ્યારે આરોપી પાસેથી ઈંગ્લીશ દારૂ વીંટેજ બ્લુ પ્રીમિયમ વ્હિસ્કીની બોટલમાં ૨૦૦મીલી. જેટલું કેફીપ્રવાહી કિ.રૂ.૨૦૦/-મળી આવ્યું હતું. જેથી આ મામલે પોલીસે આરોપી વિરુદ્ધ અલગ કેસ દાખલ કર્યો છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓની અટક કરી પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નવાબંદર ગામે પાઈપ લાઈનમાં ભંગાણને લઈને ઘણા દિવસથી પાણી માટે વલખાં

## અધિકારીઓનો ઉડાવ જવાબ પાણી અમે આપીએ છીએ તો જાય છે ક્યા સ્થાનિકોમાં પ્રશ્ન : સરપંચના પ્રતિનિધિને અનેકવાર રજૂઆત કરવા છતાં પ્રશ્ન એ જ?

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના ૧૨ કી.મી દૂર આવેલ નવાબંદર ગામ છેવાડાનું અને માછીમારી વ્યવસાય સાથે જોડાયેલું ગામ છે. અહીં ૨૦ હજાર થી વધુ વસ્તી ધરાવતા આ ગામના લોકો મોટા ભાગે માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલ છે. નવાબંદર ગામને રાવલ ડેમથી પાણીની પાઈપલાઈન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ઉના થી નવાબંદર ગામ સુધી કરોડોના ખર્ચે સળંગ લાઈન નાખવામાં આવેલ છે. હાલ છેલ્લા છેલ્લા ઘણા દિવસથી આ લાઈનમાં પાણી આવતું ના હોવા થી લોકો પાણી વગર વલખા મારી રહ્યા છે. દરિયા કિનારાનું ગામ હોવા થી કુવા અને બોરમા ખારું પાણી આવે છે જે પાણી લોકોને વપરાશ અને પીવા માટે બિનઉપયોગી છે. જ્યારે રાવલ ડેમનું પાણી પહોંચતું નથી અને લાઈનમા ફોલ્ટ હોવાનું અધિકારી જણાવી રહ્યા છે.

ઘણા દિવસથી પાણી ના મળતું નથી અને પાઈપ લાઈનનો ફોલ્ટ મળતો નથી જેથી ગ્રામજનોને પાણી વેચાતું લેવાની ફરજ પડી છે. હાલ એક છકડો રિક્ષા પાણી મંગાવે તો રુ.૫૦૦ ખર્ચવા પડે છે, જ્યારે પીવાના પાણીના જે કેરબાનો ભાવ રૂ.૨૦ હતો જે પાણીની ગામમાં આવતું ના હોવાથી હાલ રૂ.૨૫ અને ૩૦ ભાવ થઈ ગયો છે. પાણીની સપ્લાય લાઈનમાં ફોલ્ટ હોવાથી ઘણા દિવસ થી આવતું નથી ત્યારે ગ્રામજનો પણ જણાવી રહ્યા હતા કે પાણી પુરવઠાના એક પણ અધિકારી ડોકાયા નથી. લાઈન રિપેરિંગ કરવા વાળા આવે પણ ફોલ્ટ મળતો નથી જ્યારે પાણી પુરવઠા ના અધિકારીનો સંપર્ક કરતા સાહેબ જૂનાગઢ મીટીંગમા જતા હોવાનું જણાવેલ હતું. લાઈન રિપેરિંગ એજન્સી દ્વારા લાઈન માં ફોલ્ટ મળતો નથી જેથી તેઓ પણ હવે થાક્યા છે. પાણી પુરવઠા વિભાગના જવાબદાર અધિકારી ૨૦ હજારની વસતી છેલ્લા ઘણા દિવસ થી પાણી નથી આવતું છતાં કોઈ દરકાર લીધી નથી. પાણીની સપ્લાય બંધ હોય માછીમારી કરવા જતા માછીમારોને બોટમા પાણી લઈ જવા માટે પણ પાણી મળતું નથી. જ્યારે ગામ માં બે સંપ હોય એક સંપ માં પાણી છે ત્યાંથી ગામને પાણી પૂરું પાડવા સંપ બનાવેલ છે એ સંપ સુધી પાણી પહોંચતું નથી. ગ્રામજનો પાણી વગર વલખા મારે છે.

# જામનગરના આલિયા બાડાની સીમમાં જાહેરમાં જુગાર રમતાં ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના અલિયાબાડાની સીમમાં ગંજીપાનાથી જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.જામનગર તાલુકાના અલીયા બાડા ગામના રોડ પર મોગલમાંના મંદિરથી આગળ આવેલ ધારમાં કેટલાક શખ્સો જાહેરમાં તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતો હતો.જ્યાં જુગાર રમી રહેલા વિજયભાઇ મુળનારાયણભાઇ પુરોહિત રહે.હાપા ક્રિષ્નાપાર્ક સોસાયટી તા.જી.જામનગર આશિષભાઇ સુભાષભાઈ દત્તા રહે. પંચવટી પેટ્રોલ પંપ જાસોલીયા એપાર્ટમેન્ટ ત્રીજા માળે જામનગર. નિલેષભાઇ વલ્લભભાઇ પઢીયાર રહે. પંચેશ્વરટાવર આણદાબાવાના ચકલો કચેરીફળી જામનગર. અને અજીતસિંહ તેજુભા જાડેજા રહે. શાંતિનગર શેરી નં વિજયાબા હોલની બાજુમાં જામનગર.ને રોકડ રકમ રૂ.૨૫,૩૭૦ તેમજ મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૧૩,૫૦૦ સાથે ઝડપી લીધા હતા.આ કાર્યવાહી પંચકોશી 'એ' ડીવી. પો.સ્ટે.ના પો.ઇન્સ. એમ.એન.શેખ તથા પો.સબ.ઇન્સ. એ.આર.પરમાર તથા સ્ટાફે કરી હતી.

## મોરબીના સાપર ગામ નજીક ઈંગ્લીશ દારૂની ૪ બોટલ સાથે એકની અટકાયત

મોરબી તાલુકા પોલીસે સાપર ગામ નજીક ચામુંડા વે બ્રિજની સામે બાવળની કાંટમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા આરોપી ભેરુભાઈ નંદરામભાઈ પલાસીયા ઉવ.૨૫ રહે. હાલ સાપર તા.જી.મોરબી મૂળ રહે.જરસદલા તા.જી.રતલામ વાળાને વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૪ બોટલ કિ.રૂ.૭,૦૦૦/- સાથે ઝડપી લઈ તેના વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# હજામચોરા ગામ પાસેથી ૫૧૯ નંગ ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લાના ધ્રોલ પાસેથી એક કારમાં દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સો ને પોલીસે ઝડપી પાડ્યા છે અને ૫૧૯ નંગ દારૂની બોટલનો જથ્થો કબજે કર્યો છે.ધ્રોલ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. એચ.વી.રાઠોડ એ સ્ટાફને પ્રોહી.જુગારના વધુમાં વધુ કેસો શોધી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય. જે અન્વયે પો.સ્ટાફના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે, આમરણ નેશનલ હાઈવે તરફ થી એક કારમાં અમુક શખ્સો ઈંગ્લીશ દારૂનો જથ્થો લઇ હજામચોરા તરફ આવી રહેલ છે.જેથી પોલીસ સ્ટાફે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક ફોરવ્હીલ કાર નેશનલ હાઈવે તરફ થી હજામચોરા ગામ તરફ આવતા આડશ ઉભી કરી તેને રોકવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.પરંતુ કારનો ચાલક પોતાની કાર રીવર્સ લઇ યુ ટર્ન લઈ ને પાછો હાઈ વે તરફ નાશી જતાં તેનો પીછો કરી કાર તથા તેમાં બેસેલ બે શખ્સો ને પકડી પાડી વર્ના કાર નં-જીજે-૦૩-એલબી -૧૩૧૯ માથી ભારતીય બનાવટની અલગ-અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની નાની મોટી ૫૧૯ નંગ ઈંગ્લીશ દારૂ ની બાટલી જેની કિ.રૂ.૩,૦૭,૭૨૫ તથા કાર કિ.રૂ.૩,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન ૨ મળી કુલ રૂપિયા ૬,૩૭,૭૨૫નો મુદ્દામાલ પકડી પાડી આરોપીઓ અબ્દુલ ઉર્ફે સોપારી અનવરભાઈ ભટ્ટી રહે હાલ-સામખિયાળી તા. ભચાઉ અને અરમાન ઈકબાલભાઈ જૂણેજા મોરબીની.અટકાયત કરી હતી.આ કાર્યવાહી ધ્રોલ પો.સ્ટે.ના પો. ઈન્સ. એચ.વી.રાઠોડ તથા પો.સબ ઈન્સ. એમ.એમ. કુંભારવાડીયા તથા સ્ટાફે કરી હતી.

# ઉનાના કેસરીયા ગામે મંદીરે થયેલ ચોરીનો ભેદ ઉકેલતી ગીર સોમનાથ પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીર સોમનાથ વેરાવળ પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.ઈન્સ.એસ.વી.રાજપુત તથા પો.સબ ઇન્સ એ.સી.સિંધવ તથા પો.સબ ઇન્સ. એચ.એલ.જેબલીયા નાઓની રાહબરી હેઠળ પો.હેડ કોન્સ. અરવિંદભાઇ જાની પો.કોન્સ.સંદીપસિંહ ઝણકાટ નાઓના હયુમન સોર્સીસથી મળેલ બાતમી આધારે ઉનાના કેસરીયા ગામે શંકર દાદાના મંદીરે ચોરી થયેલ જે બાબતે ઉના પો.સ્ટે. ગુ.ર.નં.-૧૧૧૮૬૦૦૮૨૬૦૨૨૦/૨૬ બી.એન.એસ-૨૦૨૩ ની ક.- ૩૦૩(૨), ૩૩૧(૩) મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી આ ગુન્હાના કામે નીચે જણાવેલ વિગત મુજબના ઇસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી જેમાં આરોપીઓ (૧) ગફાર ઉર્ફે કાળુ નુરાભાઈ કાતીયાર સંધી ગામીતી મુસ્લિમ ઉ.વ.૨૫ ધંધો. મજુરી રહે ગડુ, શાંતીનગર સલાટ ઝુપડ પટ્ટી વિસ્તાર તા.માંગરોળ જી.જુનાગઢ, (૨) હાજીભાઇ ઉર્ફે ઇસ્માઇલભાઇ હાસમભાઇ મુન્સી મુલ્લા ઉ.વ.૪૩ ધંધો ભંગારની ફેરી રહે.ઉના તાઇવાડા કોર્ટ વિસ્તાર તા.ઉના પકડેલ મુદામાલ-(૧) તાંબા જેવી ધાતુના શંકર મંદીરમા રાખવાના નાગદાદાના કાપેલા ટુકડા જેનું વજન આશરે પાંચેક કીલો કી.રૂ.૧૦,૦૦૦/- નો મુદ્દા માલ કબજે કરી અને કાયદેસરની કાર્યવાહી કરી

# વાલ્મિકી યુવા ગ્રુપ તથા સમસ્ત વાલ્મિકી સમાજ દ્વારા ચોથા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજી શહેરની ભાગવતસિંહજી હાઈસ્કુલ ખાતે સમસ્ત વાલ્મિકી સમાજ દ્વારા ચોથા સમૂહ લગ્ન યોજાયા હતા જેમાં આઠ નવ દંપતિઓએ પ્રભુતમ પગલા પાડ્યા હતા.

વહેલી સવારથી જાનૈયા નો આગમન થયું હતું અને ડીજેના તાલે જાનૈયાઓ ઓનાસામૈયાકરવામાં આવ્યા હતા. આઠ દંપતિઓને આશીર્વાદ દેવા માટે ધોરાજી શહેરના સામાજિક આગેવાનો નગરપાલિકાના સદસ્ય તેમજ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

હાલ આ વાલ્મિકી સમસ્ત સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એક પણ રૂપિયો ફી લેવામાં આવી ન હતી અને સામાજિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિવિધ દાતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને દાતાઓનું પુષ્પગુચ્છ તથા સાલઓ ઢળી સન્માન કરવામાં આવ્યું હતું હાલ આ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે આશિષભાઈ જેઠવા તથા તેમની ટીમ દ્વારા ભારે જેમ જ ઉઠાવવામાં આવી.

હાલ આશિષભાઈ જેઠવા વધુમાં જણાવ્યું હતું કે કુર રીવાજોમાંથી દૂર થાય ખોટા ખર્ચાઓ બંધ થાય અને ગરીબ મધ્યમ વર્ગના લોકોને મદદરૂપ બનીએ એ જ અમારો ઉદ્દેશ્ય છે જેને લઈને આ સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું.

# વાંકાનેરમાં દારૂના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**



વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે.

મોરબી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હોય તે અનુસંધાને મોરબી એલસીબી/પેરોલ સ્ક્વોડ ટીમ કાર્યશીલ હોય તે દરમિયાન મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા વાકાંનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનાના કામનો આરોપી હુશેનભાઇ સીદીકભાઇ ખોળ રહે.મોરબી લાતી પ્લોટ તા.જી.મોરબી વાળા નાસતા ફરતા આરોપીને હ્યુમનશોર્સ તથા ટેકનીકલ માધ્યમથી મળેલ હકીકત આધારે મોરબી જીલ્લામાંથી પકડી પાડી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમા સોંપી આપેલ છે.

# ગીર ગઢડા કોળી સેના દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરતાં ૧૩ દંપતિઓએ પ્રભુતાના પગલા પડ્યા

## મંત્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (ગુજરાત રાજ્ય કક્ષા મંત્રી મત્સ્યઉદ્યોગ) ખાસ હાજર રહ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




ઉનાના ગીર ગઢડા કોળી સેના દ્વારા એક ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું આ ભવ્ય સમૂહ લગ્નનું આયોજન જુનાગઢ જિલ્લા તેમજ ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ કોળી સેના દીપાબેન બામણીયા દ્વારા કરવામાં આવ્યું હતું આ સમૂહ લગ્ન માં ૧૩ દંપતિઓએ પ્રભુતાના પગલા પાડ્યા ચોથા સમૂહ લગ્નનું આયોજન કરતા જેમાં મોટી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં આ વર્ષે પણ માતા-પિતા વિરોણી દીકરીઓના લગ્ન કરાવી સમાજ માં અનોખી પરંપરા જાળવી રાખી હતી મહેમાનોની વાત કરીએ ત્યારે મંત્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (ગુજરાત રાજ્ય કક્ષા મંત્રી મત્સ્યઉદ્યોગ વિભાગ), કોળી સેના સ્થાપક - ગુજરાત રાજ્ય ઉપસ્થિત રહ્યા હતા.

સાથે જ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ખાસ હાજરી રહી જેમાં વેરાવળના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાપણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં બગદાણા પીડીત નવનીત માલધિયા ની પણ હાજરી જોવા મળી હતી કોળી સેના તેમજ તારક મહેતાના ઉલ્ટા ચશ્મા એ કલાકાર પણ હાજર રહ્યા હતા ઉપપ્રમુખ મનોજભાઈ બામણીયા મહેશભાઈ બામણીયા વેપારી અગ્રણી ચંદુભાઈ કોટેચા અબ્બાસ ભાઈ સુમરાણી નાલીયા માંડવી ગામના સરપંચના પ્રતિ નિધિ રફિક ભાઈ સુમરા તેમજ નામી અનામી મહેમાનો તેમજ ઈલેક્ટ્રીક મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયા ના પત્રકારો ઉપસ્થિત રહે યા હતા અને આ કાર્યક્રમ માણ્યો હતો

# રંગપરમાં ડબલ સવારી બાઈક સ્લીપ થતા એકનું મોત, ચાલક ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રંગપર ગામે ડબલ સવારી બાઇકના ચાલકે પોતાનું મોટર સાયકલ ફૂલ સ્પીડમાં ચલાવતા, વાહન ઉપર કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થયું હતું. જે અકસ્માતમાં વાહન ચાલકને માથામાં અને શરીરે ઇજાઓ પહોંચી હતી, જ્યારે બાઇકની પાછળ બેઠેલ યુવકને માથામાં ગંભીર ઇજાઓ પહોચતા તેનું મોત નીપજ્યું હતું. સમગ્ર અકસ્માત મામલે મૃતકના કુટુંબી કાકાની ફરિયાદને આધારે પોલીસે આરોપી મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મૂળ ઓડીસા રાજ્યના કલા હાંડી જીલ્લાના રૂપરા રોડ બરગાવના વતની હાલ રંગપર ગામની સીમમાં સનમાર્ક સીરામીક લેબર કોલોનીમાં રહેતા અજય સદા માંજી ઉવ.૩૩ એ મોટર સાયકલ રજી.નં. એમપી-૪૨-ઝેડએફ-૦૪૯૨ના ચાલક પવન ઉર્ફે પિન્ટુ હરિચરન પુરબીયા રહે. હાલ રંગપર વિરાટનગર વોલ્ગા સીરામીક મૂળ મધ્યપ્રદેશ રાજ્યના શાજાપુર જીલ્લાના અલીસરીયા ગામના રહેવાસી વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈ તા.૦૬/૦૨ના રોજ રાત્રીના ઉપરોક્ત આરોપી પવન ઉર્ફે પિન્ટુ અને ફરિયાદીનો કુટુંબી ભત્રીજો તકધાર ઉર્ફે મનોજ કૃપા માંજી ઉવ.૨૪ રહે. વોલ્ગા સીરામીક રંગપર વાળો એમ બન્ને મોટર સાયકલ લઈને આરોપી પવન ઉર્ફે પિન્ટુના સાળાને મુકીને પરત આવતા હોય તે દરમિયાન આરોપી પવન ઉર્ફે પિન્ટુએ પોતાના હવાલા વાળું મોટર સાયકલ ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવતા, મોટર સાયકલ ઉપર કાબુ ગુમાવ્યો હતો, અને મોટર સાયકલ સ્લીપ થતા, બન્ને રોડ ઉપર પટકાયા હતા, જેમાં તકધાર ઉર્ફે મનોજનું મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે આરોપી પવન ઉર્ફે પિન્ટુને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોચતા તેને સારવાર અર્થે મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો છે. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી ઇજાગ્રસ્ત મોટર સાયકલ ચાલક વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી નાગરિક બેંકની ચૂંટણીમાં ફૂલના નિશાનવાળી પેનલના પાંચ ઉમેદવારો વિજયી

## માત્ર ૩૧.૨૫% મતદાન વચ્ચે મોડી રાત્રે મળતા પરિણામોમાં સિંહ પેનલને ઝટકો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નાગરિક સહકારી બેંકની ભારે રસાકસીભરી ચૂંટણીમાં ફૂલના નિશાન સાથે ચૂંટણી લડી રહેલી પેનલે બહુમતી મેળવી છે. મોડી રાત્રે મત ગણતરી બાદ ફૂલ પેનલના છમાંથી પાંચ ઉમેદવારો વિજયી થયા છે, જ્યારે ક્રમ નં-૧૨ પરના હિમાંશુભાઈ ભૂપતભાઈ રવેશીયાનો પરાજય થયો છે. કુલ ૬૫૯૬ મતદારોમાંથી માત્ર ૨૦૪૯ સભાસદોએ મતદાન કરતા ૩૧.૨૫% જેટલું નીચું મતદાન નોંધાયું હતું.

મોરબી નાગરિક સહકારી બેંક લી.ની બોર્ડ ઓફ ડાયરેક્ટરોની ચૂંટણીનું સાંજે ૫ વાગ્યે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતગણતરી શરૂ કરવામાં આવી હતી. મોડી રાત સુધી ચાલેલી ગણતરી દરમિયાન ફૂલના નિશાન સાથે મેદાને ઉતરેલી પેનલે સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. ફૂલ પેનલના કુલ છ ઉમેદવારોમાંથી ક્રમ નં-૧૨ પરના ઉમેદવાર હિમાંશુભાઈ ભૂપતભાઈ રવેશીયા સિવાય બાકીના તમામ પાંચ ઉમેદવારો એ જીત મેળવી છે. બીજી તરફ, સિંહના નિશાન સાથે ચૂંટણી લડી રહેલી પેનલ માટે આ પરિણામ મોટો ઝટકો સાબિત થયો છે.

આ ચૂંટણીમાં સિંહ પેનલ તરફથી અજયકુમાર અમૃતલાલ કોટક, અશ્વિનભાઈ ત્રિકમજીભાઈ કોટક, કુશલ મુકેશભાઈ હીરાણી, દિપકભાઈ મનસુખભાઈ સોમૈયા, નિલેશભાઈ પ્રભુદાસ ખખ્ખર અને ભરતભાઈ રામજીભાઈ મીરાણી જેવા અનુભવી અને જાણીતા ઉમેદવારો મેદાને હતા. જ્યારે તેમની સામે ફૂલ પેનલમાંથી દિપકભાઈ રમણીકભાઈ પોપટ, પરેશભાઈ ઘનશ્યામભાઈ કચોરીયા, ભૂપતભાઈ પરમાનંદભાઈ રવેશીયા, મનિષકુમાર પ્રાગજીભાઈ ઓગણજા, સંજયભાઈ રમણીકભાઈ ધોળકીયા અને હિમાંશુ ભૂપતભાઈ રવેશીયા ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા હતા.

સવારથી બંને પેનલોએ વિધાનસભાની ચૂંટણી જેવો માહોલ ઉભો કર્યો હોવા છતાં મતદાનની ટકાવારી અપેક્ષા કરતા ઘણી ઓછી રહી હતી. મતદાન ઓછું હોવા છતાં પરિણામોએ સહકારી રાજકારણમાં નવી ચર્ચાઓ જગાવી છે. હવે મોરબી નાગરિક બેંકની આગામી પાંચ વર્ષની દિશા નક્કી થશે.

## મોરબીના લાતી પ્લોટમાંથી યુવકની દારૂના પાંચ ચપલા સાથે અટક

મોરબી સિટીનપોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાતી પ્લોટ શેરી નં.૧૪માંથી આરોપી અનિષભાઈ હુશેનભાઈ સુમરા ઉવ.૨૧ રહે. લાતી પ્લોટ શેરી નં.૧૪ મોરબી વાળાને વિદેશી દારૂ રિટ્ઝ રિઝર્વ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૫ નંગ બોટલ કિ.રૂ.૮૫૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી સામે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નાલીયા માંડવી ગામે પ્રાથમિક શાળાનું સમારકામ કરવામાં આવ્યું

## ઓસરીમાં પતરાનો સેટ તેમજ અન્ય કામ કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકામાં નાલીયા માંડવી ગામે પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણા સમયથી તમારું કામ કરવાનું બાકી રહી જતું હતું જેને લઈને શિક્ષણ સમિતિ દ્વારા પ્રાથમિક શાળામાં પત્રનો સેટ લગાવવામાં આવ્યો જેથી નાના ફુલકાઓને છાયો મળી રહે અને જ્યારે અગવટમાંથી સગવડ ઊભી થઈ છે તેમજ માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ નાલીયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ રફિકભાઈ સુમરા તેમનો સ્થાનિક શિક્ષકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## મોરબી ગ્રીન ચોક નજીક ઈંગ્લીશ દારૂના ચાર ચપલા સાથે એક પકડાયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ગ્રીન ચોક નજીક મોટી હનુમાન દેરી વાળી શેરીમાંથી શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકના ઝબલા સાથે નીકળેલ આરોપી કૌશિકભાઈ દલસુખભાઈ પરમાર ઉવ.૪૭ રહે.મોટી હનુમાન દેરી શેરી વાળાને રોકી તેની પાસે રહેલ ઝબલાની તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીના ચાર નંગ ચપલા કિ.રૂ.૪૮૦/-મળી આવ્યા હતા. આથી પોલીસે આરોપીની અટક કરી આગળની તપાસ ચલાવી છે.

# શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે નારી સંમેલન યોજાયું

## કેન્દ્ર સરકારનું બજેટ મહિલાઓને સમૃદ્ધિ, સુરક્ષા અને સ્વાભિમાન આપનારું બજેટ- મંત્રી રિવાબા જાડેજા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રાજકોટ સ્થિત પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે નારી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં મંત્રીએ કેન્દ્રીય બજેટની સરાહના કરી હતી.

શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ.૫૩.૫ લાખ કરોડનું બજેટ દેશને નવી ઊંચાઈ આપશે. આ બજેટ શિક્ષણ, આરોગ્ય, સંરક્ષણ, નારી શક્તિ , રોજગાર, મધ્યમ વર્ગ, શ્રમિકો, ખેડૂતો અને પશુપાલકો, મધ્યમ વર્ગ અને ઉદ્યોગ સાહસિકો, યુવા શક્તિ, રમત ગમત સહિત તમામ ક્ષેત્રને આવરી લેતું વિકસિત ભારતનો સંકલ્પ કરતું બજેટ હોવાનું મંત્રીએ કહ્યું હતું.

ઓડિટોરિયમમાં ઉપસ્થિત નારી શક્તિને સંબોધતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નાણામંત્રી નિર્મલા સિતારામન સતત ૯મી વખત બજેટ રજૂ કરી દેશની નારી શક્તિ માટે પ્રેરણારૂપ બન્યા છે.

મંત્રીએ વિશેષમાં કહ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીયુક્ત હથિયારોથી સજ્જ સૈન્ય શક્તિ ભારતની ક્ષમતાને નવી ઊંચાઈ આપશે. મેક ઇન ઇન્ડિયા અને લોકલ ટુ ગ્લોબલ સૂત્રને સાર્થક કરતું આ બજેટ ગ્રામીણ અને શહેરી અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. કેન્સર જેવી ગંભીર બીમારીઓની દવાઓ સસ્તી કરતુ બજેટ મહેનતુ મધ્યમ વર્ગીય પરિવારોને રાહત આપતુ બજેટ છે.

શિક્ષણ થકી બાળકનું ભવિષ્ય ઘડતર તથા તેમના સ્વપનને પાંખો મળે તે માટે સરકાર કટિબદ્ધ હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. બજેટમાં શિક્ષણ ક્ષેત્રે ફાળવેલ માતબર રકમથી આધુનિક વર્ગખંડોનાં સ્માર્ટ ક્લાસ વધુ સ્માર્ટ બનશે. શિક્ષણ ફક્ત ડિગ્રી પૂરતું જ નહીં પરંતુ રોજગાર લક્ષી શિક્ષણ આપવા સરકારની કટિબદ્ધતાની તેમણે સરાહના કરી હતી.

તેમણે વિશેષમાં કહ્યું હતું કે, મહિલા સશક્તિકરણ સંદેશો નથી પણ ગાઢ પ્રતિબદ્ધતા છે. મહિલા હવે નેતૃત્વ આપનાર ભાગીદાર બની છે. મહિલા શક્તિને લખપતિ દીદી બનાવવા રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની મહિલા કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા ઉપસ્થિત મહિલાઓને અપીલ કરી હતી.

આ ઉપરાંત ખેતી અને પશુપાલન, રમતગમત, યુવા શક્તિ, મહિલા સશક્તિકરણ સહિત તમામ વર્ગને આવરીલેતા બજેટની સરાહના કરી હતી.

કેન્દ્ર સરકારનું રજુ થયેલું બજેટ મહિલાઓને સમૃદ્ધિ, સુરક્ષા અને સ્વાભિમાન આપનારું બજેટ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાબિત કરી બતાવ્યું છે કે, મહિલા સશક્તિકરણ એક નારો નહીં પણ દેશના વિકાસ માટેની પ્રતિ-બદ્ધતા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ કહે છે કે, એક મહિલા જ્યારે પ્રગતિ કરે ત્યારે આખો સમાજ તેની સાથે પ્રગતિની રાહ પર આગળ વધતો હોય છે. દરેક મહિલાના હુન્નરને યોગ્ય માર્કેટ મળે અને તેનું હુન્નર લોકલથી લઈને ગ્લોબલ સુધી વિસ્તરે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તમામ સહાય પૂરી પાડે છે. આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ભાનુબેન બાબ-રીયા, દર્શિતાબેન શાહ, અગ્રણી અંજલીબેન રૂપાણી, માધવભાઈ દવે, અંજુબેન વેકરીયા, અરુણાબેન, નીપાબેન, બીનાબેન આચાર્ય, રક્ષાબેન બોળીયા સહિતની મહિલાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ''મળી માતૃભાષા મને ગુજરાતી'' વીરનગરની વી. પી. હાઈસ્કૂલ ખાતે તા.૧૬ના કવિસંમેલન યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માતૃભાષા મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના સંયુક્ત ઉપક્રમે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિસંમેલન તા. ૧૬/૨, સોમવારના રોજ બપોરે ૩ કલાકે શ્રી વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના મધ્યસ્થ ખંડમાં યોજાશે.

''મળી માતૃભાષા મને ગુજરાતી'' અંતર્ગત આયોજિત કવિસંમેલનમાં જાણીતા કવિશ્રી હરેશ વડાવીયા, કવિશ્રી પૂ. બાપુ અને કવિશ્રી મુકેશ દવે કાવ્યરસધાર વહાવશે.

આ પ્રસંગે સાહિત્યરસિકોને માતૃભાષા પ્રત્યેની લાગણી અને સાહિત્યિક અભિવ્યક્તિનો અનોખો અનુભવ મળશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો.જયેન્દ્રસિંહ જાદવ અને

શ્રી વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના આચાર્ય અશ્વિનભાઈ ગીડા દ્વારા તમામ સાહિત્યપ્રેમી નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવે છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યા નો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૯/૨/૨૬ ને સોમવાર નાં રોજ ૫૩૦ કલાકે ''ઉમર જેડા એન્ડ પાર્ટી'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૦/૨/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ઈન્ડીયન મેડીકલ એસોશીએશન રાજકોટ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૧/૨/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''મુકેશ ફેન કલબ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૨/૨/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ગર્જ્જર બિટસ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૩/૨/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એ. વી. મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૪/૨/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સેવન સ્ટાર મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૧૫/૨/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''દિલ સુંદર ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી.

કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, ઉમરનુર મામદ જેડા, ડો. જયેશભાઇ ડોબરીયા, મનસુખભાઇ વાવેચા, હરેશભાઈ દેવજીભાઇ ગર્જ્જર, વણાક અસગરઅલી ઈસ્માઇલની, શૈલેષકુમાર કારીયા, દિલીપભાઇ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હળવદના ગોલસણ ગામે નદીના ઓગાનમાં બંધ દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લેતી હળવદ પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ગોલસણ ગામે બ્રાહ્મણી નદીના ઓગાનમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ હોય જે મુજબની મળેલ બાતમીને આધારે પોલીસ દ્વારા રેઈડ કરતા, સ્થળ ઉપરથી ૧૨૦૦ લીટર ઠંડો આથો તથા દારૂની હેરફેર કરવા ઉપયોગમાં લેવાતું બાઇક સહિતનો મુદ્દામાલ કબ્જે કરવાનામાં આવ્યો છે, જ્યારે આરોપી સ્થળ ઉપર હાજર ન હોય જેથી પોલીસે તેને ફરાર જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, હળવદ પોલીસ મથક પીઆઇ આર.ટી. વ્યાસની સૂચના અને માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, આરોપી વિક્રમભાઈ સુરેલા રહે.ગોલસણ તા.હળવદ વાળો ગોલસણ ગામની સીમમાં બ્રાહ્મણી નદીના ઓગાનમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવે છે. જેથી તુરંત પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા, જ્યાં નદીના ઓગાનમાં બાવળની કાંટમાં દેશી દારૂની બંધ હાલતમાં ભઠ્ઠી ઝડપી લેવામાં આવી હતી. આ સાથે પોલીસે દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી તથા જમીનમાં દાટેલા બે ટાકા તેમજ એક બેરલમાંથી કુલ ૧૨૦૦લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો કિ.રૂ.૩૦,૦૦૦/- આ સિવાય સ્થળ ઉપરથી એક સિલ્વર કલરનું સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-એએમ-૮૭૧૫ સહિત રૂ.૬૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી વિક્રમભાઈ ચંદુભાઈ સુરેલા રહે. ગોલસણ ગામ વાળો હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં ફરાર જાહેર કરી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના પંચાસીયા ગામે રસોઈ બાબતે પતિએ ઠપકો આપતા પત્નીએ ઝેર ઘોળ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામે ૪૦ વર્ષીય પરિણીતાએ રસોઈ બાબતે પતિ દ્વારા મળેલા ઠપકાનું મનમાં લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. ત્યારે સારવાર દરમિયાન તેમનું મોત થતા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપમૃત્યુના બનાવ અંગે મળતી વિગતો અનુસાર, જાહેર કરનાર રાજેશભાઇ ઉર્ફે વિશાલભાઇ અમરાભાઇ નાયકા રહે. હાલ પંચાસીયા ગામે વાડીમાં મુળરહે.નાનસલાઇ તા.સંતરામપુર જી.મહીસાગર દ્વારા પોલીસને આપેલ વિગતો મુજબ, મરણજનાર મંજુલાબેન રાજેશભાઇ ઉર્ફે વિશાલભાઇ નાયકા ઉવ.૪૦ને રસોઈ બનાવવા બાબતે પતિએ ઠપકો આપતા મનમાં લાગી આવ્યું હતું. આ કારણે તેમણે તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ પોતાની જાતે ઝેરી દવા પી લીધી હતી. જે બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ચાલુ સારવાર દરમિયાન તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું. પોલીસ દ્વારા અ.મોત નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગંગાસ્વરૂપા સહાય યોજનાના નિયમોમાં ફેરફાર હવે સહાય સીધી આધાર લિંક ખાતામાં જમા થશે

## જૂના પોસ્ટ ઓફિસ બચત ખાતા ધરાવતી મહિલાઓએ તાત્કાલિક અથવા રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતું ટ્રાન્સફર કરાવવું અનિવાર્ય

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના તમામ ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થી બહેનો માટે સરકાર દ્વારા ચૂકવવામાં આવતી ગંગાસ્વરૂપા સહાયની પદ્ધતિમાં ફેબ્રુઆરી માસથી ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ સહાય અગાઉની જેમ પોસ્ટ ઓફિસના બચત ખાતા એટલે કે ચોપડી વાળા ખાતામાં જમા નહીં થાય, પરંતુ તેના બદલે લાભાર્થીના જે તે બેંક ખાતા સાથે આધાર કાર્ડ લિંક હશે તેવા જ ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આ ફેરફારને ધ્યાને લેતા જામનગર જિલ્લાના જે લાભાર્થી બહેનો પાસે હાલમાં માત્ર ચોપડી વાળું પોસ્ટ ઓફિસ બચત ખાતું છે, તેઓએ તે ખાતું તાત્કાલિક પોસ્ટ પેમેન્ટ બેંક એટલે કે કાર્ડ વાળા ખાતામાં અથવા અન્ય કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી લેવું ફરજિયાત રહેશે. જે લાભાર્થી બહેનો પાસે હજુ સુધી પોસ્ટ પેમેન્ટ બેંકનું ખાતું નથી, તેમણે નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી નવું ખાતું ખોલાવી લેવું જોઈએ. આ ઉપરાંત, જે બહેનો પાસે પહેલેથી જ કાર્ડ વાળું ખાતું ઉપલબ્ધ છે, તેમણે પણ પોતાની પોસ્ટ ઓફિસ કે બેંકમાં જઈને આધાર કાર્ડ ખાતા સાથે યોગ્ય રીતે લિંક થયેલું છે કે નહીં તેની ખાતરી કરી લેવી જરૂરી છે.જો સમયસર આધાર કાર્ડ લિંક કરવામાં નહીં આવે અથવા ખાતું માં ટ્રાન્સફર કરવામાં નહીં આવે તો સહાય મેળવવામાં મુશ્કેલી કે વિલંબ થઈ શકે છે.

આથી, યોજનાનો લાભ અટક્યા વગર સતત મળતો રહે તે માટે જિલ્લાના તમામ લાભાર્થી બહેનોને વહેલી તકે આ જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી લેવા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હળવદમાં સગાઈ તૂટતા ૨૧ વર્ષીય યુવતીએ ઝેરી દવા પીધી, સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ સ્ટેશનમાં અપમૃત્યુનો એક દુઃખદ બનાવ નોંધાયો છે. જેમાં હળવદના ચિત્રોડી ગામની સીમમાં આવેલી વાડીની ઓરડીમાં ૨૧ વર્ષીય યુવતીએ સગાઈ તૂટવાની વાતને લઈને મનમાં લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. જેનું સારવાર દરમિયાન મોત થતા હળવદ પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

હળવદ તાલુકાના ચિત્રોડી ગામના વતની હાલ મોરબી મહેન્દ્રનગર ચોકડી પાસે હરિઓમ સોસાયટીમાં રહેતા કિંજલબેન ધીરૂભાઈ રાઠોડ ઉવ.૨૧ ની તથા તેના ભાઈ કરણની સગાઈ કોયબા ગામે દિલુભાઈ ચૌહાણના દીકરા-દીકરી સાથે સામસામે નક્કી કરવામાં આવી હતી. બાદમાં સગાઈ તોડવાની વાત નીકળતા કિંજલબેનને પોતાની સગાઈ તૂટે તે ગમતું ન હોવાથી મનમાં ભારે લાગી આવ્યું હતું.

આ બાબતે તેઓએ ચિત્રોડી ગામની સીમમાં આવેલી પિતાની વાડીની ઓરડીમાં પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ કિંજલબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારે સમગ્ર મૃત્યુના બનાવ અંગે મૃતકના પિતા ધીરૂભાઈ જીવાભાઈ રાઠોડ દ્વારા પોલીસ સમક્ષ જાહેર કરવામાં આવેલ વિગતોને આધારે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી છે.

# મોરબીમાં ''વન વીક વન રોડ'' અંતર્ગત કંડલા બાયપાસના અનઅધિકૃત દબાણ હટાવાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર દબાણ મુક્ત રહે તે માટે મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા ''વન વીક વન રોડ'' અંતર્ગત દર અઠવાડિયે જુદા જુદા વિસ્તારોમાં અનઅધિકૃત દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત મોરબી રાજકોટ હાઈવે પરના પાકા દબાણો જેસીબીની મદદથી એસ્ટેટ શાખાએ દૂર કર્યા હતા. મોરબી મહાનગરપાલિકા દ્વારા ''વન વીક વન રોડ'' અંતર્ગત આ અઠવાડિયે રાજકોટ મોરબી હાઈવે (કંડલા બાયપાસ) પર આરટીઓ ઓફિસથી ઓરપેટ સુધીના રોડ પર વિવિધ પ્રકારના અનઅધિકૃત પાકા દબાણો જેસીબીની મદદથી દુર કરવામાં આવ્યા હતા. અંદાજિત આ જાહેર માર્ગમાં નડતરરૂપ ૪૫ જેટલા કાચા-પાકા ગેરકાયદેસર દબાણ હતા, જે પૈકી મોટાભાગના દબાણ આ વિસ્તારના લોકોએ સ્વૈચ્છિક રીતે દૂર કર્યા હતા, અન્ય બાકીના ગેરકાયદેસર દબાણો મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ જેસીબી વડે દૂર કર્યા હતા, ૩૦ મીટરની પહોળાઈનો સમગ્ર જાહેર માર્ગ પરના અનઅધિકૃત દબાણ દૂર કરી ખુલ્લો કરવામાં આવ્યો હતો, આ માર્ગ પરથી પસાર થતાં વાહન ચાલકો, એમ્બ્યુલન્સ તેમજ અન્ય ઈમર્જન્સીમાં પસાર થતા વાહનો માટે સમગ્ર માર્ગ મોરબીની એસ્ટેટ શાખાએ ખુલ્લો કર્યો હતો. તેમ મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ વિભાગની એક યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના ભરતનગર પાસે પાર્ટિકલ બોર્ડના કારખાનામાં ભીષણ આગ, ૫ કલાકે આગ ઉપર કાબુ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભરતનગર આઈટીઆઈ નજીક આવેલ પાર્ટિકલ બોર્ડના કારખાનામાં આગ લાગ્યાની ઘટનાએ ચકચાર મચાવી હતી. મોરબી અને હળવદ ફાયર ટીમની સંયુક્ત કાર્યવાહીથી લાંબી જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવાયો હતો, સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી. મોરબીના ભરતનગર આઈટીઆઈ પાસે આવેલ એક્સપર્ટ પાર્ટિકલ બોર્ડ નામના કારખાનામાં ગઈકાલ બપોરે ૧૫૧૬ વાગ્યે આગ લાગ્યાનો કોલ મોરબી ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. જાણ થતા જ મોરબી ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. આગ વધુ ફેલાતી જણાતાં હળવદ ફાયર ટીમને પણ મદદ માટે બોલાવવામાં આવી હતી. બંને ફાયર ટીમની સંયુક્ત અને ભારે જહેમત બાદ રાત્રે ૮૩૦ વાગ્યે આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં આવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી, જ્યારે આગ લાગવાનું કારણ હાલ અકબંધ છે.

# વાંકાનેર : જોધપર ગામ બ્રિજ ઉપર ડમ્પરની અડફેટે બલેનો કાર પલટી, એકને ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જોધપર ગામ હાઈવે બ્રિજ ઉપર બેદરકારીથી ચાલતા ડમ્પરે અચાનક કાવુ મારતા બલેનો કારને સાઈડમાંથી ઠોકરે ચડાવતા કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં એકને ગંભીર ઈજા પહોંચતા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

વાંકાનેર તાલુકા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ મુજબ, તારીખ ૩૦/૦૧/૨૦૨૬ ના બપોરના આશરે ૧૧ વાગ્યાના સમયે રાજકોટથી વાંકાનેર તરફ આવતી બલેનો કાર રજી. નં. જીજે-૦૩-એલબી-૭૯૫૯ વાંકાનેર તાલુકાના જોધપર ગામના હાઈવે રોડ બ્રિજ ઉપર પહોંચતા અકસ્માત સર્જાયો હતો. કારમાં ફરીયાદી સંજયભાઇ મુળુભા સોલંકી ઉવ.૫૪ રહે.કાલાવાડ રોડ સ્વામીનારાયણ મંદિર મહીલા કોલેજ પાછળ સેતુબંધ સોસાયટી રાજકોટ વાળા તથા તેમના મિત્રો મુસાફરી કરી રહ્યા હતા અને વાહન ફરીયાદીના પુત્ર દિવ્યરાજસિંહ ચલાવી રહ્યા હતા. બલેનો કાર રોડની વચ્ચેની લેનમાં ચાલી રહી હતી, ત્યારે ડિવાઇડર સાઇડની લેનમાં આગળ ડમ્પર રજી. નં. જીજે-૧૩-એએક્સ-૫૯૯૦ જઈ રહ્યું હતું. ત્યારે આગળ ચાલતા ટ્રકને ઓવરટેક કરવા જતા ડમ્પર ચાલકે બેદરકારીપૂર્વક અને પુરઝડપે પાછળ જોયા વગર અચાનક કાવુ મારતા બલેનો કાર સાથે ડમ્પર અથડાયું હતું. અથડામણના કારણે બલેનો કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ફરીયાદી સંજયભાઈને ડાબી બાજુના પડખામાં મુંઢ ઈજા થઈ હતી, જ્યારે કાર ચાલક દિવ્યરાજસિંહને માથામાં હેમરેજ જેવી ગંભીર ઈજા તેમજ વાંસાના ભાગે મુંઢ ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આ મામલે આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ બીએનએસ તથા મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી, ફરાર ડમ્પર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

# મોરબી શહેર તથા સોખડા ગામે અપમૃત્યુના કુલ બે બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં બે અલગ અલગ સ્થળે અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં મોરબી શહેરમાં ધુતારી વાડી વિસ્તારમાં એક યુવાને ઝેરી દવા પી લેતા મૃત્યુ પામ્યો હતો તથા સોખડા ગામના લેમીનેટ કારખાનામાં કામ દરમિયાન લિફ્ટ પરથી પડતા એક મજૂરનું મોત થયું હતું. બન્ને બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અ.મોત અંગે મળતી વિગતો મુજબ, સોખડા ગામે આવેલ પીરવોન લેમીનેટ કારખાનામાં કામ કરતા લલનભાઈ ગણેશભાઈ પ્રસાદ ઉવ.૫૨ કામ દરમ્યાન લિફ્ટ ઉપરથી પડી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેમને તાત્કાલિક સમર્પણ હોસ્પિટલ મોરબી ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. આ અંગે તાલુકા પોલીસે મૃત્યુની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

જ્યારે અપમૃત્યુના બીજા બનાવમાં, શહેરના ધુતારી વાડી વિસ્તાર નવલખી બાયપાસ નજીક રહેતા કિશનભાઈ વાલજીભાઈ વાઘેલા ઉવ.૨૨ એ કોઈ કારણસર ઝેરી દવા પી લીધી હતી. ઘટના બાદ તેમને મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટરે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે બી ડિવઉઝન પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી): સુરજબારી પુલ નજીક ટેન્કર પલટી મારી જતા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) સુરજબારી પુલ તથા ચેક પોસ્ટ વચ્ચે કંડલા-મોરબી નેશનલ હાઈવે રોડ ઉપર પુર ઝડપે આવતા ટેન્કરના ચાલકે સ્ટેરિંગ ઉપર કાબુ ગુમાવતા, ટેન્કર રોડ ઉપર પલટી મારી ગયું હતું, જે અકસ્માતમાં રાજસ્થાનના ટેન્કર ચાલક વાહનની નીચે દબાઈ જતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, ગત તા.૦૬/૦૨ના રોજ કંડલાથી પામોલીન તેલ ભરી છત્તરાલ(કડી) જઈ રહેલ ટેન્કર રજી.નં. જીજે-૧૨-બીએક્સ-૩૮૭૦ કંડલા-મોરબી નેશનલ હાઈવે ઉપર પલટી મારી જવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં ટેન્કર ચાલક મુકેશ લાલા મીણા ઉવ.૨૮ રહે. ઉમેદા ફળીયું જી.ડુંગરપુર દેવલ સીસોદ રાજસ્થાન વાળાએ પોતાનું વાહન ફુલસ્પીડમાં ચલાવી જતા હોય તે દરમિયાન સુરજબારી પુલ તથા ચેક પોસ્ટ વચ્ચે કંડલા-મોરબી નેશનલ હાઈવે રોડ ઉપર સ્ટેરિંગ ઉપર કાબુ ગુમાવતા ટેન્કર પલટી મારી જતા, ચાલક મુકેશ મીણા ટેન્કર નીચે દબાઈ જતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતકના મોટાભાઈની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી મૃતક ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ગેરકાયદેસર દબાણો સામે મનપાની કડક કાર્યવાહી, શહેરના મુખ્ય માર્ગો કરાયા દબાણમુક્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખાએ શહેરના વિવિધ વિસ્તારોમાં વ્યાપક કાર્યવાહી કરી ગેરકાયદેસર દબાણો દૂર કર્યા હતા. મુખ્ય જાહેર માર્ગો પરથી અંદાજે ૫૦ જેટલા દબાણો હટાવી વાહનવ્યવહાર સુગમ બનાવાયો, સાથે દંડ વસુલાત અને અનઅધિકૃત હોર્ડિંગ તથા કિયોસ્ક પણ દૂર કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના હદમાં આવતા વિસ્તારોને અનઅધિકૃત દબાણોથી મુક્ત કરવા માટે એસ્ટેટ તથા દબાણ શાખાની ટીમ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત નહેરુ ગેટ, જુનો બસ સ્ટેન્ડ, પંચાસર રોડ, વાવડી રોડ, નટરાજ ફાટક, ગેંડા સર્કલ સહિત શહેરના હાર્દ સમા વિસ્તારોમાં ૫૦ જેટલા જાહેર માર્ગો પર કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

આ કાર્યવાહીમાં જાહેર માર્ગો પર દબાણ કરતા વેપારીઓ પાસેથી અંદાજિત રૂ. ૩,૦૦૦ જેટલો દંડ પણ વસુલ કરવામાં આવ્યો હતો. આ સાથે ભક્તિનગર સર્કલ અને લીલાપર ગામ પાસે અનઅધિકૃત રીતે લગાવવામાં આવેલા ૬ હોર્ડિંગ તથા ૫૫ કિયોસ્ક દૂર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીની સાથે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ શહેરના લારી-ગલ્લા ચલાવતા વેપારીઓને વાવડી રોડ પર કબીરધામ આશ્રમ પાસે કાર્યરત કરાયેલા નવા હોકર્સ ઝોન અંગે માહિતી આપી હતી. સંબંધિત ફેરિયાઓને મહાનગરપાલિકાની મંજૂરી મેળવી આ નિર્ધારિત સ્થળ પર પોતાનો ધંધો વ્યવસાય સુવ્યવસ્થિત રીતે આગળ વધારવા માટે સમજ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# મંગળા રોડના ફાયરીંગ કેસમાં મુર્ગા ગેંગનો મુખ્ય સૂત્રધારની ધરપકડ, રી-કન્ટ્રકશન કરાવ્યું





મહેસાણાના કડીમાં સ્ત્રીવેશમાં સમીર જુણેજાને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મંગળા રોડ પર ફાયરીંગ કેસમાં પોલીસને હાથતાળી આપી હતી. મહિનાથી ફરાર મુખ્ય સુત્રધાર સમીર જુણેજા (ઉર્ફે સેજલા)ને ક્રાઈમ બ્રાન્ચે મહેસાણાથી દબોચી લીધો હતો. બાદમાં મંગળા રોડ પર ઘટના સ્થળે લઇ જઈને રી-કન્સ્ટ્રકશન કરાવ્યું હતું. આ કાર્યવાહી દરમ્યાન લોકોના ટોળા ઉમટી પડયા હતા.

મંગળા રોડ પર થયેલા ફાયરિંગના કેસમાં લાંબા સમયથી ફરાર મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સંજલાને રાજકોટ કાઈમ બ્રાન્ચે મહેસાણાના કડી ખાતેથી અત્યંત નાટકીય ઢબે ઝડપી પાડયો છે. પોલીસની ધરપકડથી બચવા માટે આ રીઢો ગુનેગાર સ્ત્રીઓના કપડાં (લેડીઝ ડ્રેસ) પહેરીને વેશપલટો કરતો હતો, જેથી કોઈ તેને ઓળખી ન શકે. તપાસમાં બહાર આવ્યું છે કે છેલ્લા ૯૦ દિવસમાં તેણે પોલીસથી બચવા માટે ૨૩ થી વધુ ઠેકાણા બદલ્યા હતા. ધરપકડ ટાળવા માટે તેણે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું પણ ટાળ્યું હતું અને લાંબો સમય ઉત્તર પ્રદેશ તેમજ બિહારના અંતરિયાળ વિસ્તારોમાં આશરો લીધો હતો.

આ કેસની ગંભીરતાને જોતા પોલીસ દ્વારા 'પેંડા ગેંગ' અને 'મુર્ગા ગેંગ' વિરુદ્ધ કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જેમાં અત્યાર સુધીમાં કુલ ૩૬ જેટલા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે સંજલો કડી વિસ્તારમાં છુપાયેલો છે, જેના આધારે વોચ ગોઠવી તેને દબોચી લેવામાં આવ્યો હતો. આ ગેંગ વોર અને સરાજાહેર ફાયરિંગની ઘટનાથી રાજકોટમાં ભયનો માહોલ ફેલાયો હતો, પરંતુ મુખ્ય સૂત્રધાર પકડાતા પોલીસે રાહતનો શ્વાસ લીધો છે.

# પીઠડીયામાં કન્ટેનરમાં રૂ.૫૭.૧૯ લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

### રાજકોટથી જૂનાગઢ તરફ દારૂ લઈ જવાતો હતો ત્યારે ગ્રામ્ય એલસીબી ત્રાટકીઃ દારૂની ૧૪,૧૮૪ બોટલો અને બિયરના ટીન સહિત રૂ.૭૭.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત





**મુખ્ય સમાચાર, વીરપુર**

વીરપુરના પીઠડીયા ગામ પાસેથી એક કન્ટેનરમાં છુપાવેલ રૂ. ૫૭.૧૯ લાખની કિંમતના વિદેશી દારૂની ૧૪,૧૮૪ બોટલો અને બિયરના ટીન કબ્જે કરી રૂ. ૭૭,૭૧, ૩૮૯નો મુદામાલ રાજકોટ ગ્રામ્ય એલસીબીએ જપ્ત કરી રાજકોટ રેન્જ આઈ.જી. અશોક કુમાર અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચનાથી એલસીબી પી.આઈ. વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે એક કન્ટેનર (નંબર NL-01-AB-5683) માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને રાજકોટથી જૂનાગઢ તરફ લઈ જવામાં આવી રહ્યો છે તેવી જાણ મળી હતી.મળેલી બાતમીના આધારે વીરપુર પાસેના પીઠડીયા ગામ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ કન્ટેનરને અટકાવ્યું હતું અને આ રોકેલ વાહનની તલાશી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી કુલ ૧૪,૧૮૪ નંગ જથ્થો મળી આવ્યો હતો. આ દારૂના જથ્થાને છુપાવવા માટે ટ્રોલી બેગના બોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે કન્ટેનર ચાલક ધોલારામ લુંભારામ બિશ્નોઈ (રહે. બાડમેર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે. જ્યારે દારૂ મંગાવનાર અને મોકલનાર અન્ય બે શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે ત્યારે પોલીસે આ દરોડા દરમિયાન વિદેશી દારૂ અને બિયર કિંમત રૂ.૫૭,૧૯,૬૮૦/-), ટાટા કન્ટેનર ટ્રક (કિંમત રૂ. ૨૦,૦૦,૦૦૦/-), મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ મુદ્દામાલ રૂ.૭૭,૭૧,૩૮૦નો મુદામાલ કબજે કર્યો છે.

# નાણાની મદદ કરવા જતા સાઢુ ભાઈ સહિતે ફસાવ્યા પોસ્ટમેનની જમીન પડાવી લઈ રૂ.એક કરોડ માંગ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખારચિયા ગામે રહેતા પોસ્ટમેનને રૂ.૧૫ લાખ આપી સાહુ ભાઈ સહીતના શખસોએ ગીરવે મુકલી જમીનના બદલામાં વ્યાજ સહિત એક કરોડની માંગ કર્યાની ફરીયાદમાં ગાંધીગ્રામ પોલીસે ચાર શખસો સામે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ બનાવ અંગે ની માહિતી મુજબ રાજકોટના ખારચીયા ગામે પોસ્ટ ઓફીસમાં નોકરી કરતા પોસ્ટમેન રમેશભાઈ છગનભાઈ ભુવાએ ફરીયાદ કરી હતી જેમા તેના સાઢુભાઈ મોરબી રોડ પર સીતારામ સોસાયટીમાં રહેતો સુરેશ પોપટભાઈ તાલપરા,કુવાડવા રોડ પર મારૂતીનગરમાં રહેતો અને ચાંદીના ધંધાર્થી ધર્મેશ મીઠાભાઈ ઠેસીયા,શીતલ પાર્કમાં રહેતા અલ્પેશ દોંગા અને કુવાડવા રોડ પર રહેતો પરસોતમ હંસરાજ લુણાગરીયાના આરોપી તરીકે નામો આપ્યા હતા.ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના સાહુ ભાઈ સુરેશભાઈ તાલપરાને સોપારીના ધંધામા ૧૫ લાખની જરૂર હોવાનુ અને તેનુ મકાન વેચીને પૈસા આપી દેવાની વાત કરી હતી જેથી તેને જમીન ઉપર લોન લઈ છ માસમાં પૈસા ભરપાઈ કરવાની વાત કરી હતી. બાદમાં સાઢુભાઈ સુરેશ તેને ફોન કરી લોનની વિધી કરવા માટે બોલાવ્યા હતા જેથી તે આજીડેમ ચોકડીએ આવ્યા હતા અને તેને લેવા માટે સુરેશ ભાઈ આવ્યા હોય તેને લઈને નાના મવા સર્કલ પાસે ઈન્વેસ્ટરની ઓફીસ ચલાવતો અલ્પેશ દોંગા પાસે લઈ ગયો હતો અને ત્યા ખેતીની જમીન ઉપર પૈસા લેવાની વાત કરી હતી. ત્રણેક દિવસ બાદ સુરેશએ ફોન કરી જુની કલેકટર ઓફીસે બોલાવ્યા હતા ત્યા મામલતદાર ઓફીસમાં મારી પાસેથી કાગળોમાં સહીઓ કરાવી હતી. અને બાદમાં તેને રૂ.૯.૬૦ લાખનો ચેક આપ્યો હતો જે વટાવી તેને સુરેશભાઈને આપ્યા હતા. બાદમાં તેની ખારચીયા ગામની જમીન અંગે નોટીશ મળતા તેને જાણવા મળ્યુ હતુ કે સાહુ ભાઈ સુરેશ,અલ્પેશ દોંગા સહીતે મળીને જમીનના વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હોય જેથી સુરેશને ફોન કરી વાત કરતા તેને બહાના બતાવ્યા હતા બાદમાં મીટીંગ રાખી હતી જેથી તેના પરીવાર સાથે ત્યા ગયા હતા જયા તમારે જમીન જોઈતી હોય તો આજદીન સુધીના વ્યાજ સહીત એક કરોડ ચુકવી આપવા નહીતર તમારી જમીન ભુલી જજો તેમ વાત કરી હતી.

# પ્રેમજાળમાં ફસાવી મહિલાને ઘેની પદાર્થ પીવડાવી શખ્સે દુષ્કર્મ આચર્યું

### પાંચ વર્ષ પૂર્વે પરિચય કેળવી બર્થ-ડેમાં મળવા બોલાવી કૃત્ય આચર્યુંઃ હથિયાર બતાવી ધમકી આપી, હથિયાર સાથે દબોચી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ પાસે રહેતી મહિલાને પ્રેમ જાળમાં ફસાવી બર્થ-ડેને દિવસે મળવા બોલાવી ઘેની પ્રદાર્થ પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતુ. બાદમાં સંબંધ તોડી નાખનાર મહિલાનુ કારમાં અપહરણ કરી મારકુટ કરી હથીયાર બતાવી કોઈને કહીશ તો તને અને તારા પરીવારને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી હતી. તે દરમ્યાન એસઓજીની ટીમે વાછક પર બેડી ગામેથી શખસને દેશી લોડેડ પિસ્ટલ સાથે ઝડપી લઈ વિશેષ કાર્યવાહી કરી છે.



આ અંગેની માહિતી મુજબ ગાંધગ્રામ વિસ્તારમાં રહેતી મહિલાને પાંચેક વર્ષ પુર્વે ઘેર રિક્ષામાં મુકવા આવેલા વાછકપર ગામે રહેતા હરેશ મોતી જાદવ સાથે પરીચય થયો હતો

દરમ્યાન બન્ને વચ્ચે મોબાઈલ નંબર મેળવી વાતો કરતા હોય બાદમાં ત્રણેક વર્ષ પુર્વે મહિલાનો બર્થ-ડે હોય મળવા માટે હરેશએ વાછકપર બેડી ગામે બોલાવી હતી અને ઘેની પ્રદાર્થ પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતુ. બનાવને પગલે મહિલાએ સંબંધ તોડી નાખતા ઉશ્કેરાયેલા હરેશએ ત્રણેક દિવસ પુર્વે એરપોર્ટની દિવાલ પાસેથી કારમાં અપહરણ કરી સંબંધ રાખવા માટે ઝઘડો કરી પિસ્તોલ બતાવી તને અને તારા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈન્દોર તેના પરીચીતના ઘેર લઈ જઈ ઘેની પ્રદાર્થ પીવડાવી અર્ધ બેભાન બનાવી મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચરી બીજા દિવસે બગોદરા પાસે કારમાંથી ઉતારી અને કોઈને આ વાત કરીશ તો તારા ખાનદાનને પતાવી દઈશ તેવી ધમકી આપી નાસી ગયો હતો

બનાવને પગલે મહિલાએ ઘેર આવી પરીવારને વાત કરી ફરીયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે મહિલાની ફરીયાદ ઉપરથી ગુનો નોધી કાર્યવાહી કરી હતી. દરમ્યાન એસઓજીના પીઆઈ જાડેજા સહીતની ટીમે વાછક પર બેડી ગામે રહેતા હરેશ ઉર્ફે ભુરો મોતી જાદવની અટકાયત કરી તેની તલાસી લેતા તેની પાસેથી લોડેડ દેશી બનાવટની પિસ્ટલ મળી આવતા તેની ધરપકડ કરી હતી. આ હથિયાર કયાથી લાવ્યા સહીતની પુછતાછ કરી છે.

# ખોખડદળ પાસે છરીની અણીએ યુવકનું કારમાં અપહરણ

### હત્યાની કોશિશના ગુનામાં સામેલ મિત્રો ખર્ચના પૈસા માંગતા હતાઃ આજીડેમ પોલીસ દ્વારા ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કણકોટ ગામે રહેતા અને રિક્ષા ભાડે આપવાનો ધંધો કરતા યુવક તેના મિત્રો સાથે શાપર ગયા હતા ત્યાથી પરત આવતા હતા તે દરમ્યાન કારમાં ધસી આવેલા શખસોએ છરી બતાવી કારમાં અપહરણ કરી ગયાની યુવકની પત્નીએ ફરીયાદ કરતા આજીડેમ પોલીસે તપાસ કરતા છ માસ પુર્વે અપહત યુવકને કાલાવાડ ગામે ઝઘડો થતા તેના મિત્રો સાથે જીવલેણ હુમલો કર્યો હતો જેમા પોલીસે યુવક સહિત ૧૭ આરોપીઓ સામે હત્યાની કોશીષનો ગુનો નોધી કાર્યવાહી કરી હતી જેમા તેની સાથેના મિત્રો જેલ માંથી બહાર આવી યુવક પાસે ખર્ચના નાણા માંગતા હોવાનુ બહાર આવતા પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા અને યુવકને છોડાવવા કાર્યવાહી કરી છે.

આ બનાવની વિગત મુજબ કણકોટ ગામે રહેતો અને રિક્ષા ભાડે આપવાનું કામ કરતા મુકેશ મુકેશભાઈ ઉધરેજા (ઉ.૩૦) શની વારે તેના મિત્રો સાથે કારમાં બેસી શાપર ગયા હતા અને ત્યાથી તેને પત્ની પુજાબેનને ફોન કરી સાંજે જમવા બહાર જવાની વાત કરી હતી. તે દરમ્યાન તેના મિત્રએ રાત્રીના ફોન કરી શાપરથી આવતી વેળાએ ખોખડદળ મંદિરે જતા હતા તે દરમ્યાન અન્ય કારમાં ધસી આવેલા ચારેક શખસોએ તેની કારને આંતરી છરી બતાવી મુકેશનુ અપહરણ કરી ગયાની જાણ કરતા તેને આજીડેમ પોલીસમાં ફરીયાદ કરી હતી. બનાવને પગલે પીએસઆઈ ગોહીલ સહીતની ટીમે તપાસ કરતા અગાઉ મુકેશને કાલાવાડ ગામે ઝઘડો થયો હતો જેથી તેના મિત્રો સાથે કાલાવાડ જઈ હુમલો કર્યો હતો જેમા પોલીસે મુકેશ સહિત ૧૭શખસો સામે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી કાર્યવાહી કરી હતી. બાદમાં જેલ બહાર આવેલા તેના મિત્રો કેસમાં ખર્ચના પૈસાની માંગ કરતા હોય જે પૈસા બાબતે મુકેશ બહાના બતાવતો હોય તેના મિત્રોએ જ અપહરણ કર્યાની શંકા દર્શાવતા પોલીસે સીસીટીવીના આધારે તપાસ કરતા અપહરણમા વપરાયેલ કાર સેલ્ફ ડ્રાઈવીંગથી મેળવી હોવાનુ બહાર આવતા પોલીસે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા તેમજ યુવકને મુકત કરાવવા કાર્યવાહી કરી છે.

# ધરમનગરમાં બંધ મકાનમાંથી રોકડ-દાગીના મળી રૂ.૧.૫૩ લાખની ચોરી

### સીસીટીવી ફુટેજમાં બે તસ્કરો કેદઃ પોલીસ દ્વારા શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ધરમનગરમાં બંધ મકાનની બારીના કાચ તોડી દરવાજો ખોલી રોકડ,સોનાના દાગીના સહીત રૂ.૧.૫૩ લાખની મતાની ચોરી કરી જતા મકાન માલીક વૃધ્ધે ફરીયાદ કરતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી સીસીટીવીમા કેદ બે તસ્કરોને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ રેલનગરમાં જેન્તીભાઈ ના મકાનમાં ભાડેથી રહેતા અરવિંદભાઈ દેવરાજભાઈ જેઠવાએ પોલીસમાં ફરીયાદ કરી હતી. જેમાં તે અમદાવાદ રહેતા હોય અને સામાન ભરી રાજકોટ આવ્યા હોય તેના ધરમનગરમાં આવેલા મકાનનુ રીનોવેશન કામ કરાવવાનું હોય જેથી તે કારીગરને મકાન દેખાડવા ગયા હતા અને તેને મકાનનું કામ ચાલતું હોય જેથી રેલનગરમાં ભાડે મકાન રાખ્યુ હોય. ત્યાં ગયા હતા ત્યારે મકાનના દરવાજા ખુલ્લા હતા અને સામના વેર વિખેર હોય ચોરી થયાની શંકાએ તપાસ કરતા તસ્કરોએ બારીના કાચ તોડી રસોડાના દરવાજા ખોલી મકાનમાં પ્રવેશ્યા હતા અને મેઈન દરવાજાના તાળા તોડી કબાટમાં રાખેલા સોનાના દાગીના અને સાત હજારની રોકડ સહીત કુલ રૂ.૧.૫૩ લાખની ચોરી કરી ગયાનુ બહાર આવતા તેને પાડોશીના કેમેરામાં તપાસ કરતા બે તસ્કરો કેમેરામાં કેદ થઈ ગયા હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# ચંપકનગરમાં થયેલ ચોરી પ્રકરણમાં રાજકોટનો શખ્સ ૪૦ કિલો ચાંદી સાથે મહેસાણાથી ઝડપાયો

### ચોરીમાં વપરાયેલી કાર સુરેન્દ્રનગરમાંથી મળી આવી, શંકાસ્પદ ચાર તસ્કરોની શોધખોળ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટમાં ૧૨૦ કિલો ચાંદીની ચોરી થયાના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગીતામંદિર બસ સ્ટેન્ડ પાસેથી ૪૦ કિલો ચાંદી સાથે એક આરોપીને ઝડપી પાડયો છે. આરોપી ચાંદીનો જથ્થો મહેસાણા વેચવા જતા હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. બીજી તરફ, વધુ ચાર આરોપીઓ સુરતમાં સંતાયા હોવાની માહીતીને આધારે પોલીસે શોધખોળ હાથધરી છે.

આ અંગેની માહિતી મુજબ સંત કબિર રોડ પર ચંપકનગરમાં અતુલભાઈ શક્તિ સિલ્વર નામના કારખાનામાંથી ગત.૪ ફેબ્રુઆરીએ રાત્રે ક્રેટા કારમાં આવેલા તસ્કરોએ ૧૧ જેટલા થેલા ભરેલા ૧૪૦ કિલો ચાંદીના દાગીના ચોરી કરીને ફરાર થઇ ગયા હતા. આ બાદ સ્થાનિક પોલીસ અને રાજકોટ ક્રાઈમ બાન્ચ આરોપીઓની શોધખોળ કરી રહ્યાં હતા ત્યારે અમદાવાદ ક્રાઈમ બાન્ચને રવિવારે બાતમી મળી કે, ગીતામંદિરમાં મહેસાણા જવાના પોઈન્ટ પર એક શખ્સ પાસે મોટી માત્રામાં ચાંદીના દાગીના છે. જેના પગલે ત્યાં પહોંચીને આરોપી પ્રદિપ પ્રજાપતિની અટકાયત કરીને થેલામાં



ચેક કરતા ૪૦ કિલો ચાંદીનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે આરોપીની પૂછપરછ કરતા અન્ય ચાંદીનો જથ્થો તેના મામાના દિકરા કમલેશ પ્રજાપતિ પાસે હોવાનો અને તે સુરતમાં સંતાયો હોવાનુ જણાવ્યું હતુ, આ બાદ અમદાવાદ ક્રાઈમ બાન્ચે સુરત કાઈ મને જાણ કરીને આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

દરમ્યાન રાજકોટ ક્રાઈમ બ્રાંચના ડીસીપી બાંગરવા સહીતની ટીમે તસ્કરોની શોધખોળ કરી હતી.જેમા ચોરીમાં વપરાયેલી કાર સુરેન્દ્રનગર માંથી મળી આવી હતી જે પોલીસે કબજે કરી હતી જેમા ચોરી કરનાર ચાર શખસોના નામ પણ બહાર આવતા પોલીસે તેની ઝડપી લેવા તેમજ તેની પાસેથી ચોરાઉ ચાંદીના દાગીના કબજે કરવા કાર્યવાહી કરી છે.

# કેવડાવાડીમાં વ્યાજ ચક્રમાં ફસાયેલ પ્રોઢએ મેલડી માતાજીના મંદિરે ઝેરી દવા પી આપઘાત કર્યો

### આરોપીએ ચેક રિટર્ન કરાવેલ, જેની આજે કોર્ટમાં તારીખ હતી, તે પહેલા ૪૦ વર્ષીય રીક્ષા ચાલકે જીંદગીનો અંત આણ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેવડાવાડીમાં વ્યાજ ચક્રમાં ફસાયેલ અમિત તન્નાએ મેલડી માતાજીના મંદિરે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. આપઘાત કરતા પહેલા હૃદય દ્રાવક વીડિયો વાઈરલ કર્યો હતો. માતાજી મને ભૂત બનાવજો, જયલા પાસે હું મારાં ૭ વર્ષનો હિસાબ લેવા આવીશ. માણસ મરી જાય પછી જ સાચો લાગે. તેમ કહ્યું હતું. જયદીપ બોરીચાને આનો જવાબદાર ગણાવી સ્યુસાઈડ નોટ પણ લખી છે.

વીડિયોમાં કહ્યું કે, કોર્ટ તને જામીન આપી દેશે માતાજીની કોર્ટમાં તને જામીન નહીં મળે. વીડિયોમાં કહ્યું કે, જય માતાજી હું આવ્યો છું અહી ફાટક વાળી મેલડી માતાજીના મંદિરે કોર્ટ ગયો હતો. જો કે ત્યાં આપણે હારી ગયા છીએ ખબર જ છે. આ વિડીયો બનાવવાનું કારણ એક જ છે આને (માતાજી)ને સાક્ષા રાખી કહું તો મે આવડા રૂપિયા કોઈ પાસેથી લીધા નથી, પણ આને (માતાજી)ને મારી પ્રાર્થના છે કે, મને ભૂત બનાવજો, હું જયલા પાસે મારો છ વર્ષનો હીસાબ લેવા આવીશઅને હકીકત છે કે, માણસ મરી જાય ત્યારે જ સામેવાળા માને કે આ સાચો છે. બાકી કોઈ નથી માનતું. એણે મારા ખોટા ચેક નાખ્યા છે હજુ કહે છે કે, તારા આઠ ચેક પડયા છે. એ કહે છે કે, તું આજે દવા પી જા તો જજ મને જામીન આપી ધ્યે તો ભાઈ મે પી (દવા) લીધી છે. તને કોર્ટ જામીન આપી દેશે પણ આ (માતાજી)ની કોર્ટ તને જામીન નહીં આપે.મારા શબ્દો લખી રાખજે.

આ અંગેની મળતી માહિતી મુજબ અમિતભાઈ અરવિંદભાઈ તન્ના (ઉંમર વર્ષ ૪૦, રહે. કેવડાવાડી, લીલુડી વોકડી પાસે, રાજકોટ) રાત્રે ૮ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ઝેરી દવા પી જતા રાજકોટ સિવિલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરાયા હતા. જેનું સારવારમાં આજે મોત નીપજયું હતું. અમિતભાઈને સંતાનમાં એક દીકરો છે. તેમના પત્નીનું નામ રૂપા બહેન છે. તેઓ પોતે પણ પોતાના માતા પિતાના એકના એક સંતાન હતા. તેઓ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

# નથુરામ ગોડસે નાટ્ય શોમાં કોંગ્રેસનો હલ્લાબોલ, સ્ટેજ પર તોડફોડ

### વિરોધ પ્રદર્શનથી પ્રેક્ષકોમાં ભય ફેલાયો, ૪૦થી વધારે કાર્યકરોની અટકાયતઃ નથુરામ ગોડસેને ઉંચા દર્શાવવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાટ્યપ્રદર્શનને લઈને ભારે વિવાદ અને રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે યોજાનાર 'હું નથુરામ ગોડસે નાટકનો શો શરૂ થાય એ પહેલાં જ રાજકોટ શહેર કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિરોધ દરમિયાન કાર્યકર્તાઓ હોલની અંદર સ્ટેજ સુધી પહોંચી ગયા હતા અને સેટ પર તોડફોડ કરવામાં આવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કોંગ્રેસ કાર્યકર્તાઓનો આક્ષેપ હતો કે મહાત્મા ગાંધી આપણા રાષ્ટ્રપિતા છે અને આ નાટક દ્વારા ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેને ઉંચા દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે તેઓ ક્યારેય સહન નહીં કરે. કોંગ્રેસે સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું હતું કે ગુજરાતમાં જ્યાં પણ આ નાટકનું આયોજન થશે ત્યાં તેઓ વિરોધ નોંધાવશે અને નાટક થવા દેશે નહીં. વિરોષ પ્રદર્શન વધુ ઉગ્ર બનતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા પ્રયાસ કર્યો હતો. પોલીસે તોડફોડ અને વિરોધ કરી રહેલા આશરે ૪૦ જેટલા કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. ઘટનાને પગલે હોલની અંદર હાજર પ્રેક્ષકોમાં પણ ગભરાટ ફેલાયો હતો.



ભારે વિરોધ અને તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાટકના આયોજકો દ્વારા અંતિમ ઘડીએ શો રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આયોજકોએ નાટક જોવા આવેલા પ્રેક્ષકોની ક્ષમા માગી હતી તેમજ ટિકિટના સંપૂર્ણ રિફંડ આપવાની જાહેરાત કરી હતી. શો રદ થવાના નિર્ણયથી કેટલાક પ્રેક્ષકો નારાજ થયા હતા અને શો ચાલુ રાખવાની માંગ પણ કરી હતી, પરંતુ સુરક્ષાના કારણોસર શો શક્ય ન હોવાનું જણાવવામાં આવ્યું હતું.

નાટકના પ્રોડ્યુસર સેજલ પેઈન્ટરે આ સમગ્ર ઘટના અંગે જણાવ્યું હતું કે, વિરોધ કરી રહેલા લોકો પોતાને ગાંધીવાદી કહી રહ્યા છે પરંતુ હિંસાનો માર્ગ અપનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે બાપુનો પ્રિય ચરખો જે સેટ પર હતો તેને પણ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો. સાચા ગાંધીવાદી હોય તો ચર્ચા દ્વારા મુદ્દો ઉકેલી શકે. હિંસા યોગ્ય નથી. તેમણે વધુમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે નાટકમાં કોઈને હીરો કે વિલન બનાવવાનો પ્રયાસ નથી. નાટકમાં માત્ર ગોડસેના દૃષ્ટિકોણને રજૂ કરવામાં આવ્યો છે, જેમાં તે પોતે સ્વીકારે છે કે ગાંધીજીની હત્યા કર્યા બાદ તેને સજા ભોગવવી જ પડશે. લોકો નાટક જોઈને સમજે તો સાચો સંદેશ સ્પષ્ટ થાય. આ સમગ્ર ઘટનાએ રાજકોટમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા. ઐતિહાસિક પાત્રોની રજૂઆત અને રાજકીય વિરોધની સીમાઓ અંગે ફરી એકવાર ચર્ચા જગાવી છે.